Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 36 | 21 February 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# સાઉથલેક સીનીયર ક્લબ ફાઉન્ડેશન દ્વારા વેલેન્ટાઇન દિવસ અને મહાશિવરાત્રી દિવસની ભવ્ય ઉજવણી








સાઉથલેક સીનીયર ક્લબ ફાઉન્ડેશન દ્વારા વેલેન્ટાઇન દિવસ અને મહાશિવરાત્રી દિવસ ની ભવ્યતા પૂર્વક ઉજવણી મહાશિવરાત્રી અને વેલેન્ટાઇન દિવસ ને ધ્યાન માં રાખી ફેબ્રુઆરી ૧૪, ૨૦૨૬ (૧૩ થી ૧૦ કલાક) ના રોજ વરિષ્ઠ નાગરિકો માટે જીમ આરકેડેકીન રીક્રિએશન કેન્દ્ર ખાતે સાઉથલેક સીનીયર ક્લબ ફાઉન્ડેશન નો કાર્યક્રમ યોજાઇ ગયો. ફેબુરઆરી ૨૦૨૬ નાં શિયાળામાં સારા વાતાવરણ માં પ્રસંગ નું આયોજન અને કાર્યક્રમ ની શરૂઆત ક્લબ ના પ્રમુખ અમિત ભટ્ટ દ્વારા રૂપરેખા દર્શાવી કરવા માં આવી. આ પ્રસંગ ને દીપાવવા આશરે ૧૨૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ દેશભક્તિ ગીત થી બલિદાનવીરો (શહીદો ની યાદ માં) ને શ્રધ્ધાંજલી અર્પણ કરવા માં આવી હતી. હર્ષા ભટ્ટ અને કેલી પટેલે હિન્દી ભજન થી વરિષ્ઠ નાગરિકો ને પ્રોત્સાહિત કર્યા હતા. વર્ષા શાહ અને અરૂણ ભટ્ટ દ્વારા ઓડિયો આધારિત ડ્રામા રજુ કરવા માં આવ્યો. મિતા પટેલ અને અનિલ ભાવસાર દ્વારા હિન્દી ફિલ્મ ના ઓડિયો આધારિત ગીતો રજુ થયા.

બાળ કલાકાર આદી પટેલે મહાકાલ પર કૃતિ રજુ કરેલ. અલકેશ પટેલ, અનિલ ભાવસાર, કેલી પટેલ અને બિપીન પંચાલ દ્વારા જુદા જુદા હિન્દી ફિલ્મ નાં ગીતો સંભળાવવા માં આવ્યા. બિપીન પંચાલ અને રજની પંચાલે ફિલ્મ જગત નાં ગીત પર પરફોર્મન્સ આપ્યુ. કુસુમબેન દ્વારા પણ ઓડિયો આધારિત પરફોર્મન્સ રજુ કરવા માં આવેલ. ગરવી ગુજરાત નાં સુગ્નેશ પટેલે સભા મા ઉપસ્થિત રહી જુની હિન્દી ફિલ્મ નું ગીત રજુ કરી સર્વે ને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેઓએ પોતાના વિચારો રજુ કરતા જણાવેલ કે હું ગુજરાત ને ખૂબ જ ચાહુ છું. સ્વદેશ ન્યુઝ નાં નિલેશ ટેલર કુંટુંબ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

ગીતા ટેલર અને ધ્રુવિ ટેલર દ્વારા વરિષ્ઠ નાગરિકો કરી શકે તે રીત નાં આસન, જુદા જુદા પ્રાણીઓ ના અવાજ અને ધ્યાન અંગે પ્રત્યક્ષ વિસ્તૃત માહિતી રજુ કરવા માં આવી. શશી એ વરિષ્ઠ નાગરિકો ભાગ લઇ શકે અને આનંદ માણી શકે તે હેતુસર ટુપીડ અને અન્ય ત્રણ રમતો નું આયોજન કરી સર્વે ને આનંદ અપાવ્યો હતો. આ રમત ના પ્રાયોજક હેમંત રાઈગંગર હોય જેથી પ્રથમ નંબર મેળવનાર ને ઈનામ અમિત ભટ્ટ અને હેમંત રાઈગંગરે પ્રદાન કર્યા હતા. બ્રમપટોન ના મેયર પેટ્રીક બ્રાઉન આ કાર્યક્રમ માં હાજર રહી જણાવેલ કે લાંબી રજાઓ માં પણ આવા વરિષ્ઠ નાગરિકો નાં કાર્યક્રમો નું આયોજન પ્રશંસનીય છે. આ કલબ ઘણા પ્રસંગો નું આયોજન કરે છે તે પણ સરાહનીય છે. આ ઋતુ માં સર્વે એ પોતાની કાળજી લેવી પણ આવશ્યક છે. વેલેન્ટાઇન અને શિવરાત્રી દિવસ ઉજવી રહ્યા છો તેનો આનંદ પણ છે. નાયબ મેયર હરકીરત સિંધ પણ આ પ્રસંગ ને દીપાવવા ઉપસ્થિત રહી સર્વે ને શુભકામનાઓ પાઠવેલ..સાંસદ મનિન્દર સિંઘ આ પ્રસંગે ઉપસ્થિત રહી મહાશિવરાત્રી અને વેલેન્ટાઇન દિવસ ની શુભેચ્છાઓ પાઠવેલ. વરિષ્ઠ નાગરિકો ના કાર્યક્રમ માં ઉપસ્થિત રહેવા નો લ્હાવો મળ્યો તેના આનંદ સાથે ક્લબ માં મદદરૂપ થવા હાકલ કરેલ. સોનિયા સાધુ (સાંસદ) એ વરિષ્ઠ નાગરિકો ની હાજરી જોઈ આનંદ વ્યક્ત કરેલ. તેણી એ પણ વેલેન્ટાઇન અને મહાશિવરાત્રી ની ઉજવણી નો આનંદ વ્યક્ત કરતા શુભેચ્છાઓ પાઠવેલ. સર્વે વરિષ્ઠ નાગરિકો ને પ્રત્યક્ષ માહિતી ઉપલબ્ધ થાય તે હેતુ ને ધ્યાને લઈ ફેબ્રુઆરી ૨૦, ૨૦૨ના રોજ ૧૩.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમ્યાન ફ્લાવર સીટી બ્રમપટોન ખાતે આયોજન કરેલ છે. શફકત અલી (સાંસદ) એ જણાવેલ કે, વેલેન્ટાઇન અને મહાશિવરાત્રી બંને અગત્ય ના પ્રસંગ છે,

અનુસંધાન પાન 6 પર

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**21 ફેબ્રુઆરીથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ અ, લ, ઈ** મેષ રાશિના જાતકો માટે આ સપ્તાહ નવી શરૂઆત માટે અનુકૂળ છે. નોકરી કે વ્યવસાયમાં નવી તક મળી શકે છે. આત્મવિશ્વાસ વધશે, પરંતુ પરિવાર સાથે નાના મતભેદ થઈ શકે છે. ખર્ચ વધતા હોવાથી આયોજન જરૂરી રહેશે.

**વૃષભ રાશિ બ, વ, ઉ** વૃષભ રાશિના લોકો માટે આર્થિક રીતે લાભદાયક સમય છે. જૂના રોકાણમાંથી ફાયદો મળી શકે છે. કાર્યક્ષેત્રમાં સારો પ્રદર્શન રહેશે અને સંબંધોમાં મધુરતા વધશે. સ્વાસ્થ્યમાં પાચન સંબંધિત તકલીફથી સાવચેત રહેવું.

**મિથુન રાશિ ક, છ, ઘ** મિથુન રાશિના જાતકો માટે વ્યસ્તતા વધશે, પરંતુ તે લાભદાયક સાબિત થશે. નવા સંપર્કો અને સંબંધો બનશે, જે ભવિષ્યમાં કામ લાગશે. આવક સારી રહેશે, પરંતુ ખર્ચ પર નિયંત્રણ જરૂરી છે.

**કર્ક રાશિ ડ, હ** કર્ક રાશિના લોકો માટે પરિવાર અને ઘર સંબંધિત સુખદ સમય રહેશે. નાણાકીય સ્થિતિ સુધરશે અને કાર્યક્ષેત્રમાં ધીમે ધીમે પ્રગતિ થશે. માનસિક શાંતિનો અનુભવ થશે.

**સિંહ રાશિ મ, ટ** સિંહ રાશિના જાતકો માટે આ સપ્તાહ સફળતા અને આત્મવિશ્વાસનો રહેશે. નેતૃત્વ બતાવવાનો મોકો મળશે. નાણાકીય લાભ થશે, પરંતુ અહંકારથી દૂર રહેવું જરૂરી છે. ઊંઘ પર ખાસ ધ્યાન આપવું.

**કન્યા રાશિ પ, ઠ, ણ** કન્યા રાશિના લોકો માટે થોડું સંભાળીને ચાલવાનો સમય છે. કામમાં વિલંબ થઈ શકે છે અને ખર્ચ વધશે. સ્વાસ્થ્ય, ખાસ કરીને પેટ સંબંધિત સમસ્યાઓથી સાવચેત રહેવું.

**તુલા રાશિ ર, ત** તુલા રાશિના જાતકો માટે સંતુલન અને સફળતાનો સમય છે. નવા પ્રોજેક્ટમાં સફળતા મળશે અને નાણાકીય લાભ થશે. મિત્રો અને પરિવારનો સહકાર મળશે.

**વૃશ્ચિક રાશિ ન, ય** વૃશ્ચિક રાશિના લોકો માટે પડકારો વચ્ચે સફળતા મળશે. મહેનત વધારે કરવી પડશે, પરંતુ અચાનક લાભ મળવાની શક્યતા છે. ગુસ્સો નિયંત્રણમાં રાખવો જરૂરી છે.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** ધનુ રાશિના જાતકો માટે ભાગ્યનો સાથ મળશે. કારકિર્દીમાં નવી તક અથવા પ્રમોશન મળી શકે છે. આવકમાં વધારો થશે અને પરિવારનો સહકાર મળશે.

**મકર રાશિ ખ, જ** મકર રાશિના લોકો માટે મહેનતનું ફળ મળવાનો સમય છે. કામમાં સફળતા મળશે અને નાણાકીય સ્થિતિ સ્થિર રહેશે. સંબંધોમાં મજબૂતી આવશે, પરંતુ સ્વાસ્થ્યમાં હાડકાં સંબંધિત સમસ્યાઓથી સાવચેત રહેવું.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** કુંભ રાશિના જાતકો માટે સર્જનાત્મકતા અને નવા વિચારોનો સમય છે. કાર્યક્ષેત્રમાં નવી સિદ્ધિઓ મળશે. મિત્રો સાથે સારો સમય પસાર થશે, પરંતુ માનસિક શાંતિ જાળવવી જરૂરી છે.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** મીન રાશિના લોકો માટે આ સપ્તાહ ભાવનાત્મક રહેશે. સંબંધોમાં ઊંડાણ આવશે અને નવી તકો મળશે. ખર્ચ વધશે, તેથી સંયમ રાખવો જરૂરી છે. સ્વાસ્થ્યમાં થાક અનુભવાઈ શકે છે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**


# 21 ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ

## માતૃભાષા – મૂળ સાથેનું જોડાણ અને વૈશ્વિક ઓળખ

"મા" શબ્દ માત્ર એક સંબોધન નથી – એ લાગણી છે, એ સુરક્ષા છે, એ અસ્તિત્વની શરૂઆત છે. અને જે ભાષામાં "મા" બોલવાનું શીખીએ છીએ, એ જ ભાષા આપણું પ્રથમ વિશ્વ બને છે. માતૃભાષા એટલે લાગણીનો પ્રથમ સ્પર્શ, સંસ્કારનો પ્રથમ સંદેશ અને જીવનનો પ્રથમ પાઠ.

21 ફેબ્રુઆરીએ ઉજવાતો આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ માત્ર એક વૈશ્વિક ઉજવણી નથી; એ આપણા અંતરમાં ઊઠતો એક પ્રશ્ન છે – શું આપણે પોતાની ભાષાને એટલો જ માન આપીએ છીએ જેટલો આપવો જોઈએ?

ભાષા માત્ર સંવાદનું સાધન નથી; એ એક સમાજની આત્મા છે.



એક ભાષા જીવંત રહે ત્યારે એ સાથે સંસ્કૃતિ, પરંપરા અને ઈતિહાસ જીવંત રહે છે. જો ભાષા કમજોર પડે, તો પેઢીઓ વચ્ચેનું સાંસ્કૃતિક સેતુ પણ નબળું પડે છે.

ગુજરાતી ભાષા માત્ર અક્ષરોનો સરવાળો નથી. એમાં ભક્ત કવિ Narsinh Mehta ની ભક્તિનો રણકાર છે, લોકસાહિત્યના અમર સર્જક Jhaverchand Meghani ની વીરગાથા છે અને જ્ઞાનપીઠ વિજેતા કવિ Umashankar Joshi ની માનવતાવાદી દૃષ્ટિ છે.

વિદેશમાં વસતા ગુજરાતીઓ માટે વિશેષ સંદેશ

આજે હજારો ગુજરાતીઓ વિશ્વના વિવિધ દેશોમાં વસે છે, જેમાં Canada પણ એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે. કેનેડાની ધરતી પર આપણે વ્યવસાય, શિક્ષણ અને કારકિર્દીમાં પ્રગતિ કરીએ છીએ – એ ગર્વની વાત છે. પરંતુ સાથે સાથે એક સવાલ પણ છેઃ શું આપણી નવી પેઢી ગુજરાતી બોલે છે? શું ઘરમાં માતૃભાષાનો મીઠો સૂર ગુંજે છે?

વિદેશમાં રહેતા સમાજ માટે માતૃભાષા માત્ર ભાષા નથી – એ ઓળખ છે. જ્યારે બાળકો ગુજરાતી બોલે છે, ત્યારે તેઓ માત્ર શબ્દો નથી બોલતા; તેઓ પોતાના દાદા-દાદી સાથેનો લાગણીસભર સંબંધ જીવંત રાખે છે.

અંગ્રેજી અને અન્ય ભાષાઓ શીખવી સમયની માંગ છે, પરંતુ માતૃભાષાને ભૂલી જવું ક્યારેય પ્રગતિનું લક્ષણ નથી. સાચી પ્રગતિ એ છે કે આપણે વૈશ્વિક બનીએ, પરંતુ મૂળ સાથે જોડાયેલા રહીએ.

**આપણી જવાબદારી**

ઘરમાં નિયમિત ગુજરાતી બોલવાની પ્રથા જાળવી રાખવી

બાળકોને ગુજરાતી પુસ્તકો અને સાહિત્ય સાથે જોડવા

સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં માતૃભાષાને પ્રાધાન્ય આપવું

ડિજિટલ યુગમાં ગુજરાતી લેખન અને વાંચનને પ્રોત્સાહિત કરવું

માતૃભાષા જીવંત રહેશે તો જ સંસ્કૃતિ અખંડ રહેશે.

સંસ્કૃતિ અખંડ રહેશે તો જ ઓળખ મજબૂત રહેશે.

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ એ માત્ર એક દિવસનો ઉત્સવ નથી; એ જીવનભરનો સંકલ્પ છે –

મૂળ સાથે જોડાયેલા રહી વૈશ્વિક આકાશમાં ઉડાન ભરવાનો.

ચાલો, ગર્વથી કહીએ –

"હું ગુજરાતી છું, અને મારી ભાષા મારી ઓળખ છે." જેને ભાષા માટે ગર્વ નથી તેને પોતાની ઓળખ પર વિશ્વાસ નથી""

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ડીજીટલ ન્યુઝ પેપર, કેનેડા) 4379670062
garvigujarat2025@gmail.com

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઈપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE

ABHAY JOSHI Mortgage

**Abhay Joshi**
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093




UNLOCK YOUR DREAM HOME WITH
**EXPERT MORTGAGE GUIDANCE**

- Residential mortgage
- Commercial mortgage
- Refinancing, Home equity loans
- Business Line of Credits
- Business Loans (CSBFL)
- And many more



Call today to schedule
a consultation

CELL : (647) 409-5848

Lic #M22003707


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty Dreams to Reality
Vatsal Makes it Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST










## પહેલા પાનનું અનુસંધાન

જેની ઉજવણી આપ સૌ કરી રહયા છો તે આનંદ ની વાત છે. આ કાર્યક્રમ ખૂબજ ભવ્યતા થી ઉજવાય અને પૂર્ણ થાય તેવી શુભેચ્છાઓ પાઠવેલ. રૂબી સહોતા (સાંસદ) આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમ ની સફળતા વ્યક્ત કરેલ. જરૂર પડે ત્યારે હરહંમેશ સહકાર મળી રહેશે તેવી ખાત્રી દર્શાવેલ. સર્વેને શુભકામનાઓ સાથે વેલેન્ટાઈન અને મહાશિવરાત્રી ના દિવસની ઉજવણી ધામધૂમ પૂર્વક થાય તેવો મત રજુ કરેલ. પ્રાદેશિક કાઉન્સિલરો રોવેના સંતોષ, પોલ વિન્સેન્ટ અને રોડ પાવર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા અને સેવા બજાવી રહેલ મિત્રોને કૃતજ્ઞતા પ્રમાણપત્ર પણ આપ્યા. સાથે સાથે તેઓએ વેલેન્ટાઈન અને મહાશિવરાત્રીના દિવસની ઉજવણી કરી રહેલ સર્વને શુભેચ્છાઓ પાઠવેલ.

મેયર કચેરીમાંથી કુલદીપ ગોલીએ હાજર રહી બધાને શુભેચ્છાઓ પાઠવેલ. કાર્યક્રમને દીપાવવા જુદી જુદી સમિતિના સ્વયંસેવક સભ્યોએ ઉત્કૃષ્ટ સેવા બજાવેલ. કાર્યક્રમના મધ્ય ભાગે નાસ્તો અને ચા, તરુણભાઈ પટેલે સ્પોન્સર કર્યો હતો. કાર્યક્રમના દિવસે ભોજનરૂપે રસ - પુરી, પાત્રા-તુરીયાનું શાક, વાલની દાળ, ઈદડા, કઢી ભાત, પાપડ પીરસવામાં આવેલ.

ભોજનની ડીશ સર્વેને જમાડી. અંત ભાગે અમિત ભટ્ટ દ્વારા સર્વ નો આભાર વ્યક્ત કરી પ્રસંગ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો. વધુ માં સાઉથલેક સીનિયર ક્લબ કેનેડા ફાઉન્ડેશન કલબ પ્રતિ માસ એક એમ આશરે વર્ષ ના ૧૨ જેટલા કાર્યક્રમ નું આયોજન કરે છે, ઉપરાંત 2 પિકનિક અને એક બસ દ્વારા પ્રવાસ ગોઠવવા માં આવે છે. કલબ દ્વારા બહાર ના દેશ ની પેકેજ ટૂર નું પણ આયોજન કરવા માં આવે છે. નવા વર્ષ ની સભ્ય ફી -જે માટે 65/- કેનેડિયન ડોલર ભરી સભ્ય પદ ચાલુ રાખી શકાશે.

નવા સભ્યો નોંધણી પણ ચાલુ છે, જેના માટે અમિત ભટ્ટ (+૧૬૪૦-૨૯૮-૯૮૮૦) નો સંપર્ક કરવો. સંકલન : પરબત બોરડ



# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



**RAJENDRA PARMAR**
**FINANCIAL ASSOCIATE**

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

**FREE INSURANCE QUOTE**

** અમે ગુજરાતી બોલીએ છીએ **

**RAJENDRA PARMAR**

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# એક્સપ્રેસ એન્ટ્રી દ્વારા કાયમી નિવાસ માટે કેનેડા આ નવી વ્યાવસાયિક શ્રેણીઓને પ્રાથમિકતા આપશે.



સંકલનઃ શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ, એ એન બી ઈમિગ્રેશન

કેનેડાની ફેડરલ સરકાર એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ દ્વારા કાયમી નિવાસ માટે ત્રણ નવી વ્યાવસાયિક શ્રેણીઓને પ્રાથમિકતા આપશેઃ કેનેડિયન કાર્ય અનુભવ, પરિવહન વ્યવસાયો અને લશ્કરી કર્મચારીઓ ધરાવતા સંશોધકો અને વરિષ્ઠ મેનેજરો.

બધી વ્યાવસાયિક શ્રેણીઓ માટે લઘુત્તમ કાર્ય અનુભવની આવશ્યકતા છ મહિનાના સતત કાર્ય અનુભવની અગાઉની જરૂરિયાતથી વધારીને એક વર્ષ કરવામાં આવી છે.

છેલ્લા ત્રણ વર્ષમાં જરૂરી કાર્ય અનુભવનો એક વર્ષ સતત હોવો જરૂરી નથી.

ઈમિગ્રેશન મંત્રી લેના મેટલેજ ડાયબે 18 ફેબ્રુઆરી, 2026 ના રોજ ટોરોન્ટોમાં કેનેડિયન ક્લબ ખાતે એક ભાષણમાં ફેરફારોની જાહેરાત કરી.

ડાયબના જણાવ્યા અનુસાર, સરકાર ફ્રેન્ચ ભાષા પ્રાવીણ્ય, આરોગ્ય સંભાળ અને સામાજિક સેવાઓ અને વેપારની શ્રેણીઓ હેઠળ ઉમેદવારોને આમંત્રિત કરવાનું ચાલુ રાખશે.

ફક્ત કૃષિ અને કૃષિ-ખાદ્ય વ્યવસાય શ્રેણી નિવૃત્ત કરવામાં આવી છે.

નવી પરિવહન શ્રેણીમાં અગાઉની એક્સપ્રેસ એન્ટ્રી ટ્રાન્સપોર્ટ શ્રેણીમાંથી કોઈ વ્યવસાયો નથી, જે ફેબ્રુઆરી 2025 માં નિવૃત્ત થઈ હતી.

એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ હેઠળ, શ્રેણી-પાત્ર વ્યવસાયોમાં કાર્ય અનુભવ ધરાવતા વિદેશી નાગરિકોને શ્રેણી-આધારિત પસંદગી (CBS) દ્વારા કાયમી નિવાસ માટે પસંદ થવાની શક્યતા વધુ હોય છે, જેમાં સરકાર ફક્ત તે એક્સપ્રેસ એન્ટ્રી ઉમેદવારોને કાયમી નિવાસ માટે અરજી કરવા માટે આમંત્રણો (ITAs) જારી કરે છે જે પસંદ કરેલ વ્યાવસાયિક શ્રેણી માટે માપદંડોને પૂર્ણ કરે છે.


વ્યવસાયિક શ્રેણી માટે લાયક બનવા માટે જરૂરી એક વર્ષનો કાર્ય અનુભવ છેલ્લા ત્રણ વર્ષમાં મેળવેલ હોવો જોઈએ.



એપ્રિલ 2024 થી, શ્રેણી-આધારિત પસંદગી એ કેનેડિયન કાર્ય અનુભવ અથવા પ્રાંતીય નામાંકન વિના વિદેશી નાગરિકો માટે એક્સપ્રેસ એન્ટ્રી દ્વારા કાયમી નિવાસી તરીકે પસંદ કરવાનો એકમાત્ર રસ્તો છે, કારણ કે 23 એપ્રિલ, 2024 થી તમામ નોન-CBS, નોન-PNP ડ્રો કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ (CEC) હેઠળ હાથ ધરવામાં આવ્યા છે, જેમાં ઓછામાં ઓછા એક વર્ષનો કુશળ કેનેડિયન કાર્ય અનુભવ જરૂરી છે.

**ANB Immigration Services,**
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com




HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

# એન.જી.ઓ. : અવતરણથી વિસ્તરણ

## જનસેવા, પર્યાવરણ અને માનવ અધિકારો માટે કાર્યરત સંસ્થાઓને સન્માન અને સહભાગિતાનો સંદેશ





લેખકઃ હસમુખ બી. પટેલ, 'હર્ષ'-'પરખ' અમદાવાદ-નારદીપુર

દુનિયાભરમાં દર વર્ષે 27 ફેબ્રુઆરીનો દિવસ વિશ્વ એન.જી.ઓ. દિવસ ( World NGO Day ) તરીકે ઉજવાય છે. દુનિયાના અંદાજે 100 જેટલા દેશ આ દિવસને પોતપોતાના સ્તર પર ઉજવે છે. એન.જી.ઓ. નો અર્થ બિન સરકારી સંગઠન થાય છે. એન.જી.ઓ. એવું સંગઠન છે કે જે સરકાર માટે કામ કરતું નથી. એન.જી.ઓ. વ્યાવસાયિક લાભ માટે કે આર્થિક હેતુ માટે કામ કરતું નથી. એન.જી.ઓ. નો મુખ્ય હેતુ જનસેવા અને સામાજિક સેવાનો હોય છે. સાથે સાથે તે માનવજીવનના મૂલ્યોને જાળવવાનું અને સાચવવાનું પણ કાર્ય કરે છે. જેમ કે, 'અબોલ જીવસેવા, પર્યાવરણ જાગૃતિ, પરસ્પર સાયુજ્યની ભાવના, પ્રજાજીવનને નડતરરૂપ સમસ્યાઓનું નિરાકરણ, સમાજમાં નારી અત્યાચાર નાબૂદી વિગેરે'. એન.જી.ઓ. ગરીબ અને બેસહારા લોકોના દુ:ખ દૂર કરવા જુદા જુદા પ્રકારના કાર્યક્રમો કરે છે. આવા વ્યક્તિઓનો સહારો બનવા બીજા લોકોને પ્રેરણા આપે છે. આ દિવસને ઉજવવા પાછળનો એ હેતુ હોય છે કે એન.જી.ઓ. પ્રત્યે જરૂરિયાતોની જાગરૂકતા વધારવી અને એન.જી.ઓ. ના કાર્યોને પ્રોત્સાહિત કરવાનું છે.

એન.જી.ઓ. દિવસ ઉજવવાની જાહેરાત બાલ્ટિક પૂર્વ રાજ્યોના ફોરમ વખતે ઈ.સ. 2010માં કરવામાં આવી હતી. ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ફેબ્રુઆરીના પહેલા સપ્તાહમાં વિશ્વ એન.જી.ઓ. સપ્તાહ તરીકે ઉજવવાની જાહેરાત કરી. જો કે પહેલીવાર વિશ્વ એન.જી.ઓ. દિવસ 27 ફેબ્રુઆરી 2014ના રોજ ઉજવવામાં આવ્યો. એન.જી.ઓ. સરકાર અને સામાન્ય જનતા વચ્ચે કડીનું કામ કરે છે, જેથી સમાજમાં સકારાત્મક પરિવર્તન અને વિકાસ થઈ શકે. NGO એક બિન-સરકારી સંસ્થા છે જે ફક્ત સરકારી નિર્ણયોને લાગુ કરવામાં મદદ કરતી નથી પરંતુ સામાજિક, આર્થિક, પશુ-પંખીની સમસ્યાઓ, મહિલા સશક્તિકરણ અંગે જાગૃતિ અને પર્યાવરણીય સમસ્યાઓના નિરાકરણનું પણ કામ કરે છે. આ સંસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના કલ્યાણ માટે કામ કરવાનો છે. આ ધ્યેય સાથે વિવિધ સંસ્થાઓ શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, માનવ અધિકારો, વિકાસ અને સામાજિક ન્યાય જેવા વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ પૂરી પાડે છે. એન.જી.ઓ. લોકોની સમસ્યાઓ ઉકેલવા માટે સરકાર સાથે મળીને પણ કામ કરે છે.

### વિશ્વ NGO દિવસની ઊજવણીના ઉદ્દેશ્ય :

લોકોને NGO માં સક્રિયપણે સામેલ કરવા માટે પ્રોત્સાહિત કરવા.

NGO અને જાહેર તથા ખાનગી બંને ક્ષેત્રો વચ્ચે વધુ ઐક્ય સાધવા માટે જાગૃતિ લાવવી.

વિશ્વ NGO દિવસની ઊજવણી દ્વારા વિશ્વભરના વિવિધ NGO માટે સમર્થન અને સન્માન ઊભું કરવાનો છે.

વિશ્વ એન.જી.ઓ. દિવસની ( World NGO Day ) ઊજવણીનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વના લોકોને NGO અને તેમની અસર વિશે શિક્ષિત કરવાનો છે.

નાગરિકોને આ દિવસની ઊજવણી મારફતે એનજીઓ સાથે જોડાવા માટે પ્રોત્સાહિત કરવા તથા જુદા જુદા પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંલગ્ન કરવાનો છે.

આ દિવસ ઉજવીને વિભિન્ન એન.જી.ઓ. દ્વારા કરાયેલા કાર્યો અને તેમના યોગદાનનો ઉત્સવ મનાવવાનો છે.

વિશ્વ એન.જી.ઓ. દિવસની ( World NGO Day ) ઊજવણી દ્વારા અબોલ જીવસેવા, પર્યાવરણ, સામાજિક સેવા, નારી અત્યાચાર નાબૂદી ઝુંબેશ અને માનવાધિકાર કાર્યોમાં સતત એન.જી.ઓ. ની સક્રિયતાને પ્રતિબિંબિત કરવાનો છે.

વિશ્વ NGO દિવસ જે તે ક્ષેત્રના સમર્થકો, આંતરરાષ્ટ્રીય અને સરકારી નેતાઓ, બહુપક્ષીય અને દ્વિપક્ષીય સંગઠનો, ખાનગી ક્ષેત્ર, સમુદાયો, શિક્ષકો, શીખનારાઓ અને વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોને એકસાથે એક મંચ પર લાવવાનો છે.

### વિશ્વ એન.જી.ઓ. દિવસની ( World NGO Day ) ઊજવણીની રીતો :

જુદા જુદા એન.જી.ઓ. એ સાથે મળીને વર્ષ દરમિયાન કરેલી પ્રવૃત્તિઓનાં લેખાંજોખાં કરી અન્ય એન.જી.ઓ. સાથે પોતાના જ્ઞાન તથા અનુભવ પરસ્પર આદાનપ્રદાન કરવા.

આ દિવસ NGOના સ્થાપકો, સ્ટાફ, સ્વયંસેવકો, સભ્યો અને સમર્થકોને વિવિધ પ્રકારે સન્માનિત કરે છે અને આવા તમામ સેવાભાવી વ્યક્તિઓને યાદ કરવા માટે અન્ય નાગરિકોને પ્રોત્સાહિત કરે છે.

NGO ને આર્થિક મદદ કરવી, દાન કરવું તથા સમયદાન દ્વારા સેવા માટે માધ્યમ બનવું.

NGO અથવા એના સંલગ્ન કાર્યક્રમમાં સ્વયંસેવક તરીકેની સેવાઓ આપવી.

એક સુવ્યવસ્થિત કાર્યક્રમનું આયોજન કરી ભંડોળ એકત્ર કરવું.

#WorldNGODay હેશટેગનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા અભિયાનમાં ભાગ લઈ એન.જી.ઓ. ની કામગીરીને શક્ય એટલી પ્રસરાવવી.

વર્ચ્યુઅલ કોન્ફરન્સનું આયોજન કરી NGO સંબંધિત વિષયો પર ચર્ચા કરવા માટે શક્ય એટલા વધારે લોકોને જુદા જુદા પ્રદેશમાંથી જોડવા.

સ્થાનિક શાળાઓ સાથે સહયોગ કરીને શાળાઓના વિદ્યાર્થીઓને NGO વિશે જાણકારી આપવા વિવિધ પ્રકારના કાર્યક્રમો કરવા.

ટી.વી., રેડિયો, ન્યૂઝલેટર્સ, સ્થાનિક અખબારો, મોટા વોટ્સએપ ગૃપો, સોશિયલ મીડિયામાં NGO વિશેના સંદેશાઓ મૂકવા અને NGOના કાર્યોની માહિતી જણાવવી.

અલગ કાર્યક્રમો, વિવિધ પુરસ્કારો અને સવિશેષ પ્રશસ્તિઓ દ્વારા NGO ની સિદ્ધિઓને ઉજાગર કરવી.

પત્રો, કાર્ડ, ઈ-મેલ, સંદેશા, બેનર, મોટા હોર્ડિંગ્સ દ્વારા સ્થાનિક NGO માટે પ્રશંસા વ્યક્ત કરી ઉષ્માસભર આભાર પ્રસ્તુતિ કરવી.

પ્રતિવર્ષ એન.જી.ઓ. દિવસ ઉજવવા માટે એક ચોક્કસ થીમ ( વિષયવસ્તુ ) નિર્ધારિત કરવામાં આવે છે. એન.જી.ઓ. દિવસ ઈ.સ. 2023ની થીમ "માનવ અધિકારોને આગળ વધારવા અને સતત વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં બિન સરકારી સંગઠનોની ભૂમિકા અને પ્રભાવ" ( role and influence of NGOs in advancing human rights, addressing social and environmental challenges, and achieving sustainable development goals ) હતી. એન.જી.ઓ. દિવસ ઈ.સ. 2024 ની થીમ 'ટકાઉ મજબૂત ભવિષ્યના નિર્માણ માટે એનજીઓની ભૂમિકા' ( Building a Sustainable Future: The Role of NGOs in Achieving the Sustainable Development Goals ) હતી. વર્ષ 2025 માટે એન.જી.ઓ. દિવસની થીમ 'ટકાઉ ભવિષ્ય માટે પાયાના સ્તરના આંદોલનને સશક્ત બનાવવા' ની ( Empowering Grassroots Movements for a Sustainable Future ) હતી. જુદી જુદી વિષયવસ્તુના આધારે સમગ્ર વિશ્વમાં એન.જી.ઓ. દિવસની નક્કર ઊજવણી થાય છે. તમામ એન.જી.ઓ. જે તે વિષયવસ્તુને અનુરૂપ જડબેસલાક આયોજન સાથે આ દિવસના કાર્યક્રમો ઊજવે છે.

આવો, આપણે સૌ તા. 27 ફેબ્રુઆરી, 2026 ના રોજ વિશ્વ એન.જી.ઓ. દિવસની ( World NGO Day ) ઊજવણી એન.જી.ઓ. માટે આપણું યોગદાન આપીને કરીએ. હું છેલ્લા 9 વર્ષથી અબોલ જીવસેવા માટે જુદા જુદા એન.જી.ઓ. સાથે સંકળાયેલ છું. અબોલ જીવોના તાકીદના ઉદભવતા પ્રશ્નો દરમિયાન વિભિન્ન એન.જી.ઓ. ની સહાય હંમેશા પ્રશંસનીય રહી છે. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે માનવસેવા, પર્યાવરણ અને અબોલ જીવસેવા માટે સતત કાર્યરત NGO માટે તેમના કાર્યોને સમાજમાં ઉજાગર કરીને આપણી પ્રશસ્તિ પહોંચાડીએ. વધુમાં, આપણે પણ આપણી નજીકના એન.જી.ઓ. સાથે જોડાઈને સેવાકીય પ્રવૃત્તિઓમાં શક્ય તે યોગદાન ચોક્કસ આપીએ અને પ્રવૃત્તિઓની સુવાસમાં વધારો કરીએ.

# રાધાનું મૃત્યુ :- એક દિવ્ય વિદાય

**વિરહની પરાકાષ્ઠા: જ્યારે દ્વારકાધીશ માટે રાધાએ પ્રતીક્ષા કરી.**

## પ્રેમનો શાશ્વત પ્રવાસ :-

રાધાકૃષ્ણના પુનર્મિલનની એક અનોખી કથા વૃંદાવનની ગલીઓમાં આજે પણ પ્રેમનો એ રણકાર ગુંજે છે જે યુગો પહેલા ગુંજતો હતો. રાધા-કૃષ્ણનો પ્રેમ માત્ર શરીરનો નહીં પણ આત્માનો સંબંધ હતો. પરંતુ શું આપણે ક્યારેય વિચાર્યું છે કે જ્યારે કૃષ્ણ મથુરા છોડીને ગયા પછી રાધાનું શું થયું હશે? અને તેમની પ્રેમકથાની પૂર્ણતા માટે તેમણે કયો માર્ગ પસંદ કર્યો? આ લેખમાં આપણે એ જ દિવ્ય પ્રેમની એક અનોખી અને રોમાંચક યાત્રા જોઈશું.



## વિરહ અને રાધાની અંતિમ ઈચ્છા :-

જ્યારે કૃષ્ણ દ્વારકાધીશ બન્યા, ત્યારે વૃંદાવનમાં રાધા તેમના વિરહમાં એક સાધ્વીની જેમ જીવન જીવતા હતા. સમય વીતતો ગયો અને રાધા વૃદ્ધાવસ્થાના ઉંબરે પહોંચ્યા. તેમના શરીર પર ઉંમરની અસર હતી પણ હૃદયમાં તો એ જ કિશોરી રાધા હતી જે કૃષ્ણ માટે ધબકતી હતી. પોતાના અંતિમ સમયે રાધાએ આકાશ તરફ જોઈને એક જ ઈચ્છા વ્યક્ત કરી:

"હું ત્યાં સુધી દેહ નહીં ત્યાગું જ્યાં સુધી કૃષ્ણ સ્વયં આવીને મને વિદાય ન કરે."

રાધાની આ પોકાર દ્વારકામાં બેઠેલા કૃષ્ણ સુધી પહોંચી. બધું છોડીને કૃષ્ણ દોડતા આવ્યા. વર્ષો પછી બંને મળ્યા, આંખોમાં આંસુ અને હૃદયમાં અનંત પ્રેમ સાથે રાધાએ કૃષ્ણના ખોળામાં અંતિમ શ્વાસ લીધા પણ જતાં-જતાં તેમણે એક વચન આપ્યું:


"જ્યારે ધરતી પરથી પ્રેમનો સાચો અર્થ ભુલાવા લાગશે, ત્યારે હું પાછી આવીશ."

## નવા યુગમાં પ્રેમનો પુનર્જન્મ :-

યુગો વીતી ગયા દુનિયા પ્રેમનો સાચો અર્થ ભૂલીને માત્ર ભૌતિક સુખોમાં રચ્યાપચ્યા હતી, ત્યારે રાધાના વચન મુજબ, બરસાના નજીક એક ખેડૂતને ત્યાં 'લલિતા' નામની કન્યાનો જન્મ થયો. લલિતા બાળપણથી જ વાંસળીના સૂર રેલાવતી, જાણે કોઈ પૂર્વજન્મની કળા હોય. બીજી તરફ કૃષ્ણનો અંશ 'અનંતઆનંદ' નામના એક યુવાન સાધુના રૂપમાં અવતર્યો હતો. બંને એકબીજાથી અજાણ હતા પણ બંનેના આત્મા એકબીજાને શોધતા હતા.

## પરીક્ષા અને મિલન :-

એક સંતના માર્ગદર્શનથી લલિતા પોતાના અજાણ્યા પ્રેમને શોધવા નીકળી પડી. અનેક મુશ્કેલીઓ પછી તે વૃંદાવન પહોંચી જ્યાં અનંતઆનંદ કથા કહી રહ્યા હતા. જેવી તેમની નજર મળી, યુગો જૂનો પ્રેમ ફરી જાગી ઉઠ્યો. પરંતુ સમાજ અને રૂઢિચુસ્ત લોકોએ તેમના પ્રેમ સામે સવાલો ઉઠાવ્યા. સાધુ અને સાધ્વી વચ્ચેનો પ્રેમ સમાજને સ્વીકાર્ય ન હતો.



પ્રેમની સાબિતી માટે લલિતાએ એક કઠિન પરીક્ષા આપી. તેણે આંખે પાટા બાંધીને માત્ર વાંસળીના સૂર અને આત્માના અવાજ પર અનંતઆનંદને શોધી કાઢવાના હતા. પૂર્ણિમાની રાતે, લોકોની ભીડ વચ્ચે, લલિતાએ માત્ર પોતાના હૃદયના અવાજને અનુસરીને અનંતઆનંદને શોધી કાઢ્યા. આ જોઈને સૌ સ્તબ્ધ થઈ ગયા.

## પ્રેમનો વિજય :-

આખરે મામલો રાજાના દરબારમાં પહોંચ્યો. ત્યાં અનંતઆનંદે પ્રેમની સાચી વ્યાખ્યા સમજાવી:

"લગ્ન એ સમાજનું બંધન છે, જ્યારે પ્રેમ એ આત્માનું મિલન છે."

રાજાએ અને સમાજે સ્વીકાર્યું કે આ પ્રેમ વાસનાથી પર અને પવિત્ર છે. આ રીતે યુગો પછી રાધા અને કૃષ્ણના પ્રેમનો વિજય થયો અને તેમણે દુનિયાને શીખવ્યું કે સાચો પ્રેમ ક્યારેય મરતો નથી, તે માત્ર સ્વરૂપ બદલે છે.

આ કથા આપણને શીખવે છે કે પ્રેમ એ માત્ર પામવું નથી પણ પ્રતીક્ષા અને ત્યાગ છે જ્યાં સમર્પણ હોય છે ત્યાં ઈશ્વર પણ મળે છે.

લેખક નિર્મળાબેન દરજી રિટાયર્ડ શિક્ષિકા કેનેડા

EDM Elite Digital Marketing LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!
Let's Be popular
Find on Google

Parth Patel
647 655 5029

DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**

## INSURANCE

Life & Critical Illness Insurance
Mortgage Protection Insurance
Travel & Super Visa Insurance
Disability Insurance
Medical Insurance

## INVESTMENTS

RRSP, RDSP, TFSA, RRIF & Annuities
Children Education Plans
Estate Planning



Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6
Independently Owned & Operated










# આ વખતનો ટી20 વર્લ્ડ કપ બનશે ઐતિહાસિક, 48 જેટલા ભારતવંશી ખેલાડીઓ મેદાનમાં

આ વખતનો આઈસીસી ટી20 વર્લ્ડ કપ અનેક રીતે વિશેષ બનવાનો છે. ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે યોજાનારી આ ટૂર્નામેન્ટમાં કુલ 20 ટીમો ભાગ લેશે, પરંતુ રસપ્રદ વાત એ છે કે તેમાં આશરે 48 જેટલા ખેલાડીઓ ભારતવંશી હશે. એટલે કે ભારત સિવાય પણ અનેક ટીમોમાં ભારતીય મૂળના ખેલાડીઓ જોવા મળશે.

ભારતની ટીમ તો ચેમ્પિયન બનવાની દાવેદાર છે જ, પરંતુ યુએસએ, કેનેડા, ઓમાન, યુએઈ, ઇટાલી અને નેધરલેન્ડ્સ જેવી ટીમોમાં પણ ભારતીય મૂળના ખેલાડીઓ મહત્વપૂર્ણ ભૂમિકામાં હશે. ખાસ કરીને ગુજરાતીઓનો પણ નોંધપાત્ર ફાળો રહેશે.







## સૌરભ નેત્રાવલકર, વાનખેડે પર ઈમોશનલ પળ

ભારત અને યુએસએ વચ્ચેની મેચ ખાસ બની રહેશે. ભારતીય ટીમ વાનખેડે સ્ટેડિયમ ખાતે અભિયાન શરૂ કરશે, જ્યાં યુએસએના કેપ્ટન સૌરભ નેત્રાવલકર માટે પણ આ મેદાન હોમગ્રાઉન્ડ સમાન છે. સૌરભનો જન્મ મુંબઈમાં થયો હતો અને તેણે અહીંથી જ ક્રિકેટ કારકિર્દીની શરૂઆત કરી હતી.

2024ના વર્લ્ડ કપમાં તેણે ભારતીય ટીમ સામે રોહિત શર્મા અને પ્રથમ જ બોલે વિરાટ કોહલીને આઉટ કરીને ચર્ચા જગાવી હતી. 34 વર્ષીય સૌરભ વ્યવસાયે સોફ્ટવેર એન્જિનિયર છે અને તેણે પાકિસ્તાન સામેની યાદગાર જીતમાં પણ મહત્વનો ફાળો આપ્યો હતો.

## મોનાંક પટેલ, ગુજરાતનો ગર્વ

યુએસએ ટીમના ઓપનર મોનાંક પટેલ ગુજરાતી છે અને છેલ્લા સમયમાં આનંદમાં પ્રેક્ટિસ કરતા જોવા મળ્યા હતા. 2024માં પાકિસ્તાન સામે 38 બોલમાં 50 રન ફટકારી તેણે પોતાની ક્ષમતા સાબિત કરી હતી.

ભારત સામેની મેચમાં એક રસપ્રદ દૃશ્ય સર્જાશે – મોનાંક પટેલ સામે બોલિંગ કરવા આવશે જસપ્રીત બુમરાહ. બંનેએ યુવા સ્તરે સાથે ક્રિકેટ રમી છે. હવે એકબીજા સામે આંતરરાષ્ટ્રીય મંચ પર સામનો કરશે.

## જસપ્રીત સિંઘ, ઇટાલીનો પ્રતિનિધિ

પંજાબના ફગવાડામાં જન્મેલા જસપ્રીત સિંઘ ઇટાલી માટે રમે છે. 2006માં તેનો પરિવાર મિલાન નજીક સ્થાયી થયો હતો. 2019થી તેણે ઇટાલી માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાનું શરૂ કર્યું. થોડા વર્ષ પહેલાં સુધી તે ઉબર ડ્રાઈવર તરીકે કામ કરતો હતો, આજે તે વર્લ્ડ કપ રમે છે – તેની સફર પ્રેરણાદાયક છે.

## દિલપ્રિત બાજવા – કેનેડાની ટીમમાં સ્થાન

ગુરદાસપુરમાં જન્મેલા દિલપ્રિત બાજવા 2020માં કેનેડા સ્થાયી થયા હતા. ભારતીય જુનિયર ક્રિકેટમાં રનનો વરસાદ કરનાર બાજવાને ભારતમાં સિનિયર તક મળી નહોતી, પરંતુ કેનેડામાં મહેનત કરીને તેણે નેશનલ ટીમમાં સ્થાન મેળવ્યું. ગ્લોબલ ટી20 લીગમાં તેના પ્રદર્શનના કારણે તે વર્લ્ડ કપ સુધી પહોંચ્યો.

## જતિંદર સિંઘ, ઓમાનનો કેપ્ટન

લુધિયાણાનો જતિંદર સિંઘ આજે ઓમાનની ટીમનો કેપ્ટન છે. ક્યારેક તેણે પંજાબ માટે રણજી રમવાનું સપનું જોયું હતું, પરંતુ હવે તે ઓમાનનું નેતૃત્વ કરે છે. 36 વર્ષીય જતિંદર માટે આ ટૂર્નામેન્ટ ગૌરવની ક્ષણ છે.

## અન્ય ટીમોમાં પણ ભારતીય ફાળો

કેનેડા ટીમમાં 11, યુએસએમાં 9, ઓમાનમાં 7 અને યુએઈમાં 7 જેટલા ભારતીય મૂળના ખેલાડીઓ છે. નેધરલેન્ડ્સના આર્યન દત્ત જેવા ખેલાડીઓ પણ ભારતીય વંશજ છે. ભારતની પિચ પર રમવાની તક તેમને ખાસ અનુભવ આપશે.

## એક અનોખો વર્લ્ડ કપ

આ વખતનો વર્લ્ડ કપ માત્ર ભારતની જીત માટે જ નહીં, પરંતુ વિશ્વભરમાં ફેલાયેલા ભારતીય મૂળના ખેલાડીઓ માટે પણ વિશેષ રહેશે. ગમે તે દેશ જીતે, પરંતુ ઘણી ટીમોની સફળતામાં ભારતીય હાથ રહેશે. મોટા ભાગની ટીમોમાં ઓછામાં ઓછો એક ભારતીય હશે, જેને મેદાન પર હોમગ્રાઉન્ડ જેવી લાગણી થશે.

આમ, 2026નો ટી20 વર્લ્ડ કપ ક્રિકેટ જ નહીં, પરંતુ ભારતીય પ્રતિભાની વૈશ્વિક ઉજવણી બનશે.

# હિન્દ મહાસાગરમાં 60 વર્ષમાં 30 ટકા ખારાશ ઘટી, સમુદ્ર જીવન પર ગંભીર અસર પડશે



ઓસ્ટ્રેલિયાના પશ્ચિમી તટથી દૂર દક્ષિણ હિન્દ મહાસાગરમાં છેલ્લા ૬૦ વર્ષમાં ૩૦ ટકા ખારાશ ઘટી ગઈ હોવાનું કોલોરાડો યુનિવર્સિટીના એક અભ્યાસમાં જણાયું છે. આ બાબતની મહાસાગરના પ્રવાહો, જળવાયુ અને વરસાદની પેટર્ન તથા દરિયાઇ જીવન પર ગંભીર અસરો પડી શકે છે તેમ સંશોધકોએ જણાવ્યું હતું. સંશોધકોને કમ્પ્યુટર સિમ્યુલેશનમાં જણાયું હતું કે આ ફેરફારનું કારણ જળવાયુપરિવર્તન જ છે.

સતત વધી રહેલાં ગ્લોબલ વોર્મિંગને કારણે હિન્દ મહાસાગર અને ઉષ્ણ કટિબંધીય પ્રશાંત મહાસાગરની સપાટી પરના પવનો પલટાઇ રહ્યા છે. પવનોમાં થઈ રહેલાં આ ફેરફારો મહાસાગરના પ્રવાહો દ્વારા હિન્દ મહાસાગરના મીઠાં પાણીને દક્ષિણ હિન્દ મહાસાગર તરફ ધકેલી રહ્યા છે. સંશોધકોએ જણાવ્યું હતું કે સમુદ્રના પાણીની ખારાશ ઘટવાની સાથે તેનું ઘનત્વ પણ ઓછું થઈ જાય છે.

ભારતના હવામાન પર આ બાબતની અસર પડી શકે છે. હિન્દ મહાસાગરમાં થનારાં ફેરફારોની અસર ચોમાસાની પેટર્ન, વરસાદ, દરિયાઇ મત્સ્યપાલન અને દરિયાકાંઠાના વિસ્તારોના હવામાન પર પડશે. આને કારણે યુરોપ,એશિયા અને આફ્રિકાના તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના છે. મહાસાગરો એકમેક સાથે જોડાંયેલાં હોવાથી એક જગ્યાએ થતાં ફેરફારની અસર હજારો કિલોમીટર દૂર સુધી અનુભવાય છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આ પરિવર્તનથી મહાસાગર અને હવામાનના પરસ્પર સમીકરણો બદલાઈ શકે છે. સમુદ્રમાં ખારાશ ઘટી જવાને કારણે ઓસન સરક્યુલેશન સિસ્ટમ માં અવરોધ આવશે તો તેની અસર દુનિયાભરના જળવાયુપરિવર્તન પર પડશે. સામાન્ય રીતે મહાસાગરોની ખારાશ લગભગ ૩.૫ ટકા હોય છે. જો કે દુનિયાભરના મહાસાગરોની ખારાશનું પ્રમાણ અલગ અલગ હોય છે. દાખલા તરીકે ઓસ્ટ્રેલિયાના દક્ષિણ પશ્ચિમી તટ પાસે આવેલો દક્ષિણ હિન્દ મહાસાગર વધારે ખારો છે જ્યારે ઉત્તર ગોળાર્ધમાં ઉષ્ણ કટિબંધ વિસ્તારમાં પૂર્વ હિન્દ મહાસાગરથી પશ્ચિમી પ્રશાંત મહાસાગરની ખારાશ ઓછી છે. ખારાશમાં રહેલાં આ ફરકને કારણે ઓસન સરક્યુલેશનમાં એક કન્વેયર બેલ્ટ જેવી રચના થાય છે જેના થકી પૃથ્વીની ચારે તરફ ગરમી, મીઠું અને મીઠાં પાણીનું વિતરણ થાય છે.


**What can an extra $30,000 really do for a buyer?**

**More than you think.**

**It can open doors to better neighbourhoods, improved home condition and layouts, more options to compare, and added flexibility for renovations and upgrades.**

**When buying a home, settling should never be the plan. The right strategy can expand your possibilities and strengthen your long - term investment.**

Message me to discuss how to maximize your buying power.

Vatsal Desai - Sales Representative
+1 (416) 456 4448
vatsal@thecanadianhome.ca

Download The Canadian Home App now to browse the latest listings, book showings, and explore your next move—all in one place.
https://ln.thecanadianhome.com/vatsal
[home buying power, real estate strategy, home upgrade flexibility, renovation potential, buyer negotiation strategy, Ontario home market]



# એક પટેલની વાર્તા

**"મન" માં "કાયમ" આવા "ભાવ" સાથે "સેવા" કરવી :- કે જ્યારે "હું મારાં શ્રી ઠાકોર જી ની સેવા કરું" અને "એ આનંદ થી ખેલે", જ્યારે "હું કીર્તન કરું" અને "મારી સાથે નિત્ય રાસ કરે", જ્યારે "હું એને ભોગ ધરું" અને "એ પ્રેમે આરોગે", "મારી દરેક ક્ષણ એવી હોય" કે "હું નિત્ય શ્રી ઠાકોર જી પ્રભુ" ની "સેવા" માં "રહું"... જ્યારે આપણે "સંપૂર્ણ" રીતે "હારી" જાઈએ,તો પણ પણ "દિલ" માં થી "એક અવાજ" આવે કે "શ્રી ઠાકોર જી" હજું આપણાં "પડખે ઉભા" છે એ "આપણો વિશ્વાસ" છે. "જય શ્રી કૃષ્ણ"**

લેખક વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ ગોધરા ગુજરાત



## ભગવદ કૃપાથી પરિવર્તન પામેલ વૈષ્ણવની પ્રેરણાદાયી કથા

એક પટેલ વૈષ્ણવ રાજનગરમાં રહેતા હતા, એ પટેલ વૈષ્ણવને બે પુત્ર હતા. અને એક સ્ત્રી હતી. મોટા પુત્રને બે સ્ત્રી હતી, આ સાતે મનુષ્ય શ્રી ગુસાંઈજીની શરણ આવ્યા. અને શ્રી ઠાકુરજી પધરાવી સેવા કરવા લાગ્યા. છ જણનું મન તો શ્રી ઠાકુરજીમાં લાગ્યું હતું. પરંતુ મોટા પુત્રનું મન લૌકિક કર્મમાં ઘણું હતું. તે ભગવદ સબંધી કાર્ય કંઈ કરતો નહોતો, અને લૌકિકમાં તદરૂપ થઈ રહયો હતો, એક દિવસ તેના પિતાએ એક વૈષ્ણવને કહ્યું કે આનું મન પ્રભુમાં લાગે તો સારું. વૈષ્ણવે કહ્યું છે જયારે શ્રી ગુસાંઈજી કૃપા કરશે ત્યારે લાગશે. ઘણા દિવસ વિત્યા પછી તે વૈષ્ણવ તે પટેલની દુકાન પર ગયો. ત્યાં પટેલના મોટો પુત્ર નામુ લખતો હતો, વૈષ્ણવ એ ત્રણ ઘડી સુધી બેસી રહ્યો પરંતુ તેને તેણે (પટેલના મોટા પુત્રે) બોલાવ્યો નહિ. ત્યારે વૈષ્ણવે જઈને તેના કાનમાં કહ્યુ કે ઊઠ ચેત, ત્રણ દિવસ પછી તારુ મૃત્યુ થશે. આ પ્રમાણે કહીને તે વૈષ્ણવ ચાલ્યો. તેનું ચિત્ત ઉદાસ થઈ ગયું, દુકાન બંધ કરીને સુઈ રહ્યો. ખાવા પીવામાં કંઈ મન લાગે નહિ. વેદનું ઔષધ કરે તો પણ લાગે નહિ. પછી તેના પિતાએ કહ્યું કે અમુક ઠેકાણે વૈષ્ણવ રહે છે તેને બોલાવી લાવો, વૈષ્ણવને બોલાવવા ગયા ત્યારે આનાકાની કરી એ દિવસ આવ્યો નહિ, ત્રીજે દિવસ આવ્યા અને નાડી જોઈને કહ્યું કે એ ઘડીમાં તારું મૃત્યુ છે, જો કોઈ બીજો તને આવરદા દે તો તું બચીશ, તેણે ઘરવાળા બધાને પુછ્યું પરંતુ કોઈએ આવરદા દેવી કબુલ કરી નહિ, પછી તે પટેલનો પુત્ર કહેવા લાગ્યા કે હું વૈષ્ણવ, હું તમારે શરણ છુ. તમે મારી રક્ષા કરો. ત્યારે વૈષ્ણવે કહ્યું કે તું નિત્ય ભગવત સેવા અને ભગવદસ્મરણ અને ભગવત કથામાં ચિત્ત રાખીશ તો તારો કાળ જતો રહેશે. તેણે હાથ જોડી કહ્યું કે જો હું જીવતો રહીશ તો દિવસ રાત ભગવદ સેવા તમારી કૃપાથી કરીશ, વૈષ્ણવે તેને આશીર્વાદ દીધો. તે મુવો નહિ પછી ભગવદ સેવા કરવા લાગ્યો. જેવી તેને લૌકિકમાં આસકિત હતી તેવી તેને ભગવદ સેવામાં થઈ તેથી દશ ગણી સેવા વિષે થઈ. એ પટેલ વૈષ્ણવ એવા કૃપા પાત્ર હતા.

# ગ્રહણમાં કેન્સરનો ખતરો નથી: નિષ્ણાતોની સ્પષ્ટતા



ડૉ. નિકુંજ વિઠ્ઠલાણી

તાજેતરમાં થયેલા સૂર્ય ગ્રહણને લઈને સમાજમાં ફેલાયેલી કેટલીક ગેરમાન્યતાઓ અંગે નિષ્ણાતોએ સ્પષ્ટતા કરી હતી. ખાસ કરીને "ગ્રહણ દરમિયાન બહાર નીકળવાથી કેન્સર થાય છે" એવી માન્યતા સંપૂર્ણપણે ખોટી હોવાનું ડૉ. નિકુંજ વિઠ્ઠલાણીએ જણાવ્યું હતું. તેમણે સમજાવ્યું હતું કે સૂર્ય ગ્રહણ એ માત્ર એક સ્વાભાવિક અવકાશીય ઘટના છે, જેમાં ચંદ્ર પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવી જતા થોડા સમય માટે સૂર્યપ્રકાશ પૃથ્વી સુધી પહોંચતો નથી અથવા આંશિક રીતે પહોંચે છે.



ડૉક્ટરે જણાવ્યું હતું કે ગ્રહણ દરમિયાન કોઈ નવા કે જોખમી પ્રકારના કિરણો ઉત્પન્ન થતા નથી. અલ્ટ્રાવાયોલેટ (UV) કિરણો સામાન્ય દિવસોમાં જેમ હોય છે, તેમ જ રહે છે. તેથી ગ્રહણના સમયે કેન્સર થવાની શક્યતા હોવાની માન્યતા વિજ્ઞાનસંગત નથી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે કેન્સર એક લાંબી પ્રક્રિયા છે, જે વર્ષો સુધી સૂર્યના તીવ્ર પ્રભાવ હેઠળ રહેવા, વારંવાર સનબર્ન થવા અને ત્વચાના DNAને નુકસાન થવાથી થાય છે. ગણતરીના થોડા કલાકોના ગ્રહણથી કેન્સર થતું નથી. હાલ ગ્રહણ દરમિયાન સૂર્યને નરી આંખે જોવાથી આંખને નુકસાન થવાની શક્યતા રહેતી હોવાનું તેમણે ચેતવણી આપી હતી. ઓછા પ્રકાશને કારણે આંખની કીકી મોટી થઈ જાય છે અને UV કિરણો સીધા રેટિનાને અસર કરી શકે છે, જેને સોલર રેટિનોપેથી કહેવામાં આવે છે. પરંતુ તેનો કેન્સર સાથે કોઈ સંબંધ નથી. તેમણે જણાવ્યું હતું કે જૂના સમયમાં વિજ્ઞાનનો અભાવ હોવાથી ગ્રહણને અશુભ માનવામાં આવતું અને કેટલીક સાવધાનીઓ અપનાવવામાં આવતી. સમય જતાં આ માન્યતાઓ પરંપરા બની ગઈ હતી. પરંતુ આધુનિક વિજ્ઞાન અનુસાર ગ્રહણ માત્ર એક ખગોળીય ઘટના છે અને તે કોઈ પણ બીમારીનું કારણ નથી. નિષ્ણાતોએ ગ્રહણ દરમિયાન સાવચેતી રાખવા માટે સલાહ આપી હતી કે સૂર્યને નરી આંખે ન જોવો, ખાસ બનાવેલા સોલર ફિલ્ટર અથવા ચશ્માનો ઉપયોગ કરવો અને સામાન્ય રીતે સૂર્યપ્રકાશમાં જેમ સનસ્ક્રીનનો ઉપયોગ થાય છે તે જ પૂરતું રહે છે.




AFFINITY MORTGAGE SOLUTIONS INC

DOMINION LENDING CENTRES



BANK OF CANADA CUTS KEY INTEREST RATE BY 0.25%

Kunj Parikh

Mortgage Agent Level 1

647-774-7196

300 - 140 Allstate Parkway, Markham, ON L3R 5YR
Independently Owned & Operated FSRA#13093

Lower Payments? Increased Buying Power!
Let's Connect!

MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special

*METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)*

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

Murti's Kitchen

CALL US FOR MORE DETAILS

647-389-7549

Family Events | Birthday Event
Office Event | Wedding

# વડતાલધામ સ્વામિનારાયણ મંદિર ખાતે મહાશિવરાત્રી પૂજન સાથે માનસિક આરોગ્ય સેમિનાર











## ભક્તિ અને જાગૃતિનો સમન્વયઃ શિવ અભિષેક સાથે "Mental Health & Stress Management" પર માર્ગદર્શન

North York સ્થિત Vadtaldham Shree Swaminarayan Hindu Temple (2400 Finch Avenue West, North York, M9M 2C8) ખાતે પવિત્ર મહાશિવરાત્રી પૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે કુલ 35 યજમાનોએ શ્રદ્ધાભેર ભાગ લઈ ભગવાન શિવજીની આરાધના કરી અને વિશેષ પૂજનવિધિમાં સહભાગી બની ધાર્મિક લાભ પ્રાપ્ત કર્યો.

વિધિનું સંચાલન પંડિત Dipak Shastri દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યું. શિવ અભિષેક દરમિયાન ભક્તિમય વાતાવરણમાં શિવ સ્તોત્ર પાઠ કરવામાં આવ્યો. અભિષેકમાં દૂધ, શુગરકેન જ્યુસ, દાડમનો રસ, નારિયેળનો રસ તથા કેસર જળથી ભગવાન શિવજીનો પવિત્ર અભિષેક કરવામાં આવ્યો, જેના કારણે સમગ્ર મંદિર પરિસરમાં આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ થયો.

આ કાર્યક્રમ અંતર્ગત ધાર્મિક ભાવના સાથે સામાજિક જાગૃતિને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું. પ્રસિદ્ધ વક્તા Pragnesh Patel દ્વારા *"Mental Health and Stress Management"* વિષય પર માર્ગદર્શનાત્મક સેમિનાર યોજાયો. તેમણે આજના વ્યસ્ત જીવનમાં માનસિક આરોગ્યનું મહત્વ સમજાવી તણાવ નિયંત્રણ માટે પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું. ઉપસ્થિત ભક્તજનો અને સમાજજનોને આ સત્ર અત્યંત ઉપયોગી અને પ્રેરણાદાયક રહ્યું.

મંદિર ટ્રસ્ટી મંડળ દ્વારા આવા ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમો દ્વારા સમાજમાં આધ્યાત્મિકતા અને આરોગ્ય જાગૃતિ વધારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો.

**વધુ માહિતી માટે સંપર્કઃ**

ધવલ સોની 647-236-4148

અજેન્દ્ર પટેલ 647-997-7486

સ્થળઃ 2400 Finch Avenue West, North York, ON M9M 2C8,

આયોજકઃ Vadtaldham Shree Swaminarayan Hindu Temple




"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# પૂજ્ય શ્રી વલ્લભ ભટ્ટ રચિત શ્રી બહુચર મા ના “આનંદ ગરબા’ નો ૩૭૩ મો પ્રાગટ્ય દિવસ



વલ્લભ ભટ્ટ



લેખકઃ ડૉ. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક ( સંગીતકાર)

આનંદ ના ગરબા નો પ્રાગટ્ય દિવસ વિક્રમ સંવત ૨૦૮૨ ને ફાગણ સુદ ત્રીજ ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ શુક્રવારના રોજ છે.ચુંવાળ પીઠાધિશ્વરી, આધ્યશક્તિ બાલા બહુચર મૈયાના લાડલા ભકત શિરોમણી વલ્લભ ભટ્ટજીના મુખેથી મા બહુચર પ્રત્યેની ભક્તિના રૂપમાં માત્ર ૧૩ વર્ષની વયે ‘આનંદના ગરબા’ની સરવાણી વહી હતી. ૧૧૮ પદના આ ગરબાની રચના આજથી ૩૭૩વર્ષ પૂર્વે સંવત ૧૭૦૯માં ફાગણ સુદ-૩ને બુધવારના રોજ થઇ હતી.

ચાલો આજે “ આનંદ ના ગરબા “ના રચયિતા ભકત શિરોમણી પૂજ્ય વલ્લભ ભટ્ટ મેવાડા ના જીવન વિશે જાણીયે. ઈતિહાસ પ્રસિદ્ધ ગુજરાત નું અમદાવાદ શહેર અમે તેમાં આવેલું નવાપુરા ગામ. એ ગામ માં એક ભટ્ટ મેવાડા બ્રાહ્મણ શ્રીહરિરામ ભટ્ટ અને ફૂલકોરબાઈ રહેતા.તેમના ઈષ્ટદેવ એકલિંગજી મહાદેવ હતા.. તેમણે ૧૬૯૬- આસો સુદ આઠમ ( દુર્ગાષ્ટમી ) ના રોજ બે જોડિયા બાળકો ને જન્મ આપ્યો. જેમાં એકનું નામ વલ્લભરામ અને બીજાનું નામ ધોળારામ.બંન્ને બાળકો જયારે પાંચ વર્ષના થયા ત્યારે તેમને વિદ્યાભ્યાસ માટે પરમાનંદ બ્રહ્મચારી પાસે આશ્રમમાં ભણવા માટે મુકવામાં આવ્યા. પણ ખુબ પરિશ્રમ કરવા છતાંપણ એમણે વિદ્યાભ્યાસ નું જ્ઞાન આવ્યું જ નહિ. હા, બંન્ને ભાઈઓ નમ્ર, વિવેકી અને શ્રદ્ધાળુ હતા. વિદ્યાભ્યાસ નું જ્ઞાન ન મળવાને લીધે ગુરુજીએ બંન્ને બાળકો ને બાલા ત્રિપુરા સુંદરી મા બહુચરનો બીજ મંત્ર આપ્યો.

આ મંત્ર સાથે બંન્ને બાળકો પોતાના ઘરે ગયા. બંન્ને ભાઈઓ તેમની કાલીઘેલી વાણીમાં આખો દિવસ માં ના બીજમંત્રનું જપ કર્યા કરતા. તેઓના માતા - પિતા જાત્રાએ ગયેલ ત્યારે મા બહુચર “ બાળા “ સ્વરૂપે પ્રગટ થયા. માનું જાજરમાન તેજસ્વી રૂપ ન જોઈ શકવાના કારણે બંન્ને ભાઈઓ આંખો બંધ કરીને મા ને પૂછવા લાગ્યા કે આપ કોણ છો? ત્યારે મા એ ભાઈઓને ઓળખ આપી કે હું તમારી મા છું.. ત્યારબાદ બંન્ને ભાઈઓને ઈચ્છિત વરદાન માગવા કહ્યું. મા ને પ્રત્યક્ષ નજરો-નજર નિહાળ્યા બાદ બંન્ને ભાઈઓના હૃદય પુલકિત થઈ ગયા. અને રોમે-રોમ આનંદિત થઈ ઉઠ્યું.મા એ ફરીથી એમને કહ્યું કે માગો - માગો જે જોઈએ તે આપું. પરંતુ માના દર્શન માત્રથી જ આનંદ મળવાના કારણે બંન્ને ભાઈઓ માની સમક્ષ કઈ બોલી કે માંગી ના શક્યા. ત્યારે મા એ ત્રીજી વખત કહ્યું કે બેટા માગ, માંગે તે આપું. ત્યારે વલ્લભરામે માતાજીને વિનંતી કરી કે હે મા.! આપના દર્શન માત્રથી અમારા જીવનમાં આનંદ, આનંદ, અને માત્ર આનંદ જ છવાઈ ગયો છે અમને જે આનંદ પ્રાપ્ત થયો એવો આનંદ સૌને મળે એવું કંઈક આપો. ત્યારે મા એ કહ્યું કે તમે મારા “આનંદ ના ગરબા “ની રચના કરો, પણ વલ્લભરામે કહ્યું કે હે મા! અમે તો અભણ છીએ તો કેવી રીતે ગરબાની રચના કરી શકીએ ? ત્યારે મા એ વલ્લભરામને. કહ્યું કે હું સરસ્વતી સ્વરૂપે તારી જીભનાં અગ્રભાગ પર બિરાજમાન થઈશ એમ કહી મા એ તેમની ટચલી આંગળી વલ્લભરામની જીભના અગ્રભાગ પર મુકી ત્યારબાદ જે કંઈ પણ તેમના દ્વારા રચનાઓ થઇ તે અલૌકિક અને અકાલ્પનિક છે.

**આનંદ ના ગરબા ની રચના:-**

વલ્લભ ભટ્ટ એ મા બહુચરના પરમ ભક્ત હોવાનું તો સૌ કોઈ જાણે છે. પણ, ઘણાં ઓછાને એ ખ્યાલ હશે, કે વલ્લભ ભટ્ટને અમદાવાદ ના નવાપુરાના બહુચર માતા મંદિરમાં જ મા બહુચરાનો પ્રથમ સાક્ષાત્કાર થયો હતો ! એટલું જ નહીં, આ જ મંદિરમાં વલ્લભ ભટ્ટે આનંદના ગરબાની રચના શ્રી વલ્લભરામે ભટ્ટે માત્ર ૧૨ વર્ષ , ૪ મહિના, ૨૬ દિવસની નાની કિશોર અવસ્થામાં વિક્રમ સંવત ૧૭૦૯ના ફાગણ સુદ ત્રીજ (૩) ને બુધવારે કરી હતી. અમદાવાદના ગીતામંદિર રોડ પર નવાપુરા માં જુનું બહુચરધામ આવેલું છે. આ સ્થાનક એ અમદાવાદનું સૌથી પ્રાચીન બહુચરધામ મનાય છે. દંતકથા એવી છે કે દંઢક નામના અસુરના સંહાર માટે આદ્યશક્તિએ બાળા ત્રિપુર સુંદરી રૂપ ધારણ કર્યું હતું. આ બાળા ત્રિપુર સુંદરી એટલે જ મા બહુચર. કહે છે કે પૌરાણિક કાળના દંઢકારણ્ય એટલે કે ગુજરાતના પ્રસિદ્ધ બહુચર ધામમાં માએ દંઢકનો સંહાર કર્યો. અને પછી અમદાવાદના નવાપુરાના બહુચર ધામમાં મા પધાર્યા હતા. માએ અહીંના માન સરોવરમાં શસ્ત્રનો ત્યાગ કરીને વિશ્રામ કર્યો હતો.

આમ છેલ્લા ૩૭૩વર્ષથી “આનંદ નો ગરબો”સતત ભક્તો ને આનંદ જ આપ્યા કરે છે.

આનંદ ના ગરબા ની ૧૧૬ મી પંક્તિ માં લખવામાં આવ્યું છે કે,

**“સંવંત સતદશ સાત, નવ ફાલ્ગુન સુદે મા, તિથી તૃતીયા વિખ્યાત, શુભ વાસર. બુદ્ધે મા.”**

આ ગરબા ની પ્રથમ પંક્તિ નો પ્રથમ શબ્દ “ આઈ “ છે જેનો અર્થ “ મા “ થાય અને ગરબાની છેલ્લી પંક્તિનો છેલ્લો શબ્દ પણ “ મા“ જ છે.બીજી વિશેષતા એ જોવા મળે છે તે એ છે કે ગરબા માં ૨૪૫ વખત “ મા“ શબ્દ નો પ્રયોગ થયો છે.

**આધ્યાત્મિકતા:-આ ગરબાનું કેન્દ્રબિંદુ જ “ મા “ છે.**

આ ગરબા માં વેદ- પુરાણ , ભાગવત ગીતા, રામાયણ, મહાભારત, ઉપનિષદ જેવા મહાન ગ્રંથો નો સમાવેશ કરવામાં આવ્યો છે.આ ગરબા માં ત્રણ લોક, ત્રણ શક્તિ, ચાર વેદ, ચૌદ ભુવન, ચૌદ વિદ્યા, પંચ મહાભૂત, ચાર યુગ, ત્રણ જીવ, ત્રણ વાયુ, ત્રણ ગુણ, ત્રણ દેવ, દસ અવતાર, ચૌદ રત્નો, નવ નાથ, ચોર્યાશી સિદ્ધો, પાંચ પાંડવ, અઢાર પુરાણ, ત્રણ કાળ, છ ઋતુ, છ રસ, બાર માસ, પંચામૃત, ચાર શત્રુ, સાત ધાતુ, પાંચ રંગ, આઠ પર્વત, અઢાર ભાર વનસ્પતિ, ચાર વર્ણ, ચૌદ ઈન્દ્રિયો, ચોર્યાશી લાખ જંતુઓ, નવ ખંડ, ત્રીભેટ, દસ દિશા, ચાર મંગળ, સાત સાગર, નવ ગ્રહ, દસ દિશા ના રક્ષક, પાંચ પદારથ, ત્રણ દોષ નો અદભૂત સમન્વય કરવામાં આવ્યો છે.

સાહિત્યિક વિશેષતા:-૧૧૮ પદ નો ગરબો જેમાં દરેકની બે પંક્તિ હોવાથી ૨૩૬ પંક્તિઓ થાય

ગરબા માં ૬૭૫ શબ્દો

ગરબા માં ૩૭૨૩ અક્ષરો

ગરબા માં ૭ વખત “ બહુચર મા“ શબ્દ આવે છે.

**બીજ (મંત્ર) :**

તંત્રની સાધના કરવા માટે જે મંત્રનો જપ કરવામાં આવે છે તે મંત્રનો એક ભાગ. તાંત્રિકો નિયત સિદ્ધિ મેળવવા નિયત ઈષ્ટદેવના મંત્રનો જપ કરે છે. આ મંત્રની આગળ, પાછળ કે વચ્ચે કોઈ દેવ કે દેવીના અર્થનો સંકેત ધરાવતા અક્ષરો મૂકે છે. આ અક્ષરોને ‘બીજાક્ષર’ કહે છે. અને તે અક્ષરો મંત્રનો ભાગ બનતાં તેને ‘બીજમંત્ર’ પણ કહે છે.

**ૐ એમ્ રિં શ્રી બહુચરાયે નમઃ “**

***.“ આનંદ ના ગરબાનું આધ્યાત્મિક અને સામાજિક માહાત્મ્ય:-**

“ આનંદ “શબ્દ સાંભળતાની સાથે જ ચહેરા પર એક અનેરો આનંદ જ છવાઈ જાય છે. મનમાં એક અનેરો ઉત્સાહ ઉત્પન્ન થઈ જાય છે. માનવીના જીવનમાં આનંદની અનુભૂતિ થવાથી શોક, દુઃખ, ભય કે વ્યાધિ જોજનો દુર ચાલ્યા જાય છે.વળી આ કપટી, અટપટી, સ્વાર્થી દુનિયામાં આનંદ મેળવવા માટેનો ટૂંકો માર્ગ છે.

આનંદનો ગરબો ફક્ત બહુચર મા આગળ નહિ પરંતુ કોઈ પણ ઈષ્ટદેવ કે કુળદેવી આગળ ગાઈ શકાય છે. એટલે જ અંબાજી બહુચરાજી જેવા ગુજરાતના મંદિરો પીઠો માં આનંદના ગરબાના નિત્ય ૩ પાઠ થાય છે. એટલેજ કેહવાય છે કે આનંદ નો ગરબો એ “શક્તિ ઉપાસકો “નું અમૂલ્ય ઘરેણું છે.આનંદ નો ગરબો એ “શક્તિ આરાધનાનો” ગરબો છે.

આ ગરબા નો ૩ વાર પાઠ કરવાથી નિર્ધન ને ધન પ્રાપ્ત થાય છે. વળી કેન્સર, ડાયાબીટીશ જેવા ભયંકર અને મોટા રોગો દુર થાય છે.આંખ, કાન, નાક, વાચા, વાણી ની તકલીફો દુર થાય છે.સંતાન પ્રાપ્તિ થાય છે.મનોવાંછિત ફળ પ્રાપ્ત થાય છે.

ટૂંક માં એટલું કહી શકાય છે “ આનંદ નો ગરબો “ એટલે તન, મન ની પ્રસન્નતા, સુખ શાંતિ નો સમન્વય અને “ મા “ પરાશક્તિનું સાક્ષાત દર્શન.

આ કલિયુગ માં આનંદ ના ગરબા ને “ કલ્પવૃક્ષ “ સમાન ગણવામાં આવ્યો છે..

મારા ધાર્મિક લેખ ની પૂર્ણાહુતિ પ્રસિદ્ધ ગરબા થી કરીશ.

“બુદ્ધિ આપો ને મા બહુચરા રે,

નિત નિત કરીએ પ્રણામ માત બહુચરા.”



તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં
સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025 -26
PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ 17 રાત્રિ - 18 દિવસ 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 20 જાન્યુઆરી 6 ,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 08 રાત્રિ - 09 દિવસ 29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 09 રાત્રિ - 10 દિવસ 19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
અઝરબૈજાન 06 રાત્રિ - 07 દિવસ 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક 09 રાત્રિ - 10 દિવસ 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા 07 રાત્રિ - 08 દિવસ 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
Summer 2026
PACKAGE
ચેરી બ્લોસમ જાપાન 09 રાત્રિ - 10 દિવસ 22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ 10 રાત્રિ - 11 દિવસ 19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 10 ,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 04 એપ્રિલ 02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 01 એપ્રિલ 03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા 12 રાત્રિ 13 દિવસ 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર 19 રાત્રિ - 20 દિવસ 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી 23 રાત્રિ - 24 દિવસ 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા 15 રાત્રિ - 16 દિવસ 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
કેનેડિયન રોકીસ 09 રાત્રિ - 10 દિવસ 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
યુરોપ યાત્રા 18 રાત્રિ - 19 દિવસ 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
યુનિક યુરોપ 15 રાત્રિ - 16 દિવસ 26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ 12 રાત્રિ - 13 દિવસ 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા 12 રાત્રિ - 13 દિવસ 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ 10 રાત્રિ - 11 દિવસ 14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ 09 રાત્રિ - 10 દિવસ 21 મે 21 જૂન
ડિસ્કવર ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# મેષ લગ્નમાં ચોથા સ્થાને સૂર્ય: સુખ કે સંઘર્ષનો સંકેત?


જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી- કેનેડા









ભૃગુ-સંહિતા પ્રમાણે મેષ લગ્નમાં સૂર્ય જયારે જન્મ કુંડળીના ૪થા સ્થાને એટલે સુખભવનમાં હોય છે. અહીં રહેલો સૂર્ય ઉચ્ચનો કે સ્વગૃહી હોય તો જાતકને ઉત્તમ પ્રકારનું વાહન, સંપત્તિ, જીવનનું સુખ આપે છે. કૌટુંબિક સુખ સારું રહે છે. પરંતુ સગા-સંબંધીઓ અને મિત્રોથી ઓછું બને છે. ધારો કે અહીં નિર્બળ સૂર્ય હોય તો જાતકને સુખ શાંતિ આપવામાં નિષ્ફળ રહે છે. વિદ્યાભ્યાસ અધૂરો રહે.




આર્થિક સ્થિતિ ડામાડોળ બને. જાતક પારિવારિક મુશ્કેલી અનુભવે. પુસ્તક મતે ચોથે સૂર્ય વ્યક્તિને હૃદયરોગી બનાવે છે. પૈસાના અભાવે જાતક અનેક દુઃખ અનુભવમાંથી પસાર થવું પડે છે. ગુરુ કે શુક્રની દ્રષ્ટિ આ દુઃખમાંથી મુક્તિ અપાવે છે. સત્યાચાર્યના મતે કેન્દ્ર સ્થાનમાં સૂર્ય સારું ફળ આપે છે. કેન્દ્રની વાત થઈ છે. જન્મ કુંડળીમાં ૧, ૪, ૭, ૧૦ સ્થાનને કેન્દ્ર ગણવામાં આવ્યું છે. તેમાં પણ સૂર્ય-શનિ કે સૂર્ય મંગળની યુતિ વધારે અનિષ્ટ ફળ આપે છે. હવે બૃહદ જાતકના મતે ચોથા ભાવનો સૂર્ય જાતકને નિરંતર દુઃખી બનાવે છે. સુખ સ્થાનમાં પાપગ્રહ, સૂર્ય એકંદરે શુભ ફળ આપતો નથી. પરંતુ આવા જાતકો ગૂઢવિદ્યામાં રસ ધરાવે છે. આમ છતાં જાતકની દશા, મહાદશા,




અંતરદશા આ બધી વસ્તુનું ધ્યાન રાખવું જરૂરી છે.

હવે આપણે મેષ લગ્નમાં સૂર્ય પાંચમા સ્થાને કેવું ફળ આપશે તે જોઈશું. પાંચમું સ્થાન સંતાન ભવન પણ કહેવાય છે. એમાં રહેલો સૂર્ય મહારાજ જો મેષ, સિંહ, કે ધન રાશિનો હોય તો જાતક ઉચ્ચનો અભ્યાસ કરાવી સુશિક્ષિત બનાવે છે. (૧, ૫, કે ૯ રાશિ) પરંતુ બીજી અન્ય રાશિમાં રહેલો સૂર્ય જાતકને સંતાન સુખમાં ઉણપ રખાવે છે.

સૂર્ય અહીં જાતક શેર સટ્ટામાં પ્રણયમાં નિષ્ફળ બનાવે છે. પરંતુ પાંચમાં શુભ સૂર્ય જાતકને વિદ્વાન લેખક કે પ્રકાશક બનાવે છે. ફળદીપિકાના મતે આવા જાતક બુદ્ધિશાળી, વનપર્યટન, પ્રવાસ, તીર્થયાત્રા, અને ફરવાના શોખીન હોય છે. અહીં સૂર્ય જાતકને રાજકીય કારકિર્દીમાં મુત્સદ્દી બનાવે છે. સ્ત્રી જાતકની કુંડળીમાં પાંચમે નિર્બળ કે પાપગ્રહનો સૂર્ય હોય તો પ્રસૂતિ વખતે પીડા આપે છે અથવા તો સિઝેરિયન જેવી શસ્ત્રક્રિયા કે ગર્ભસ્ત્રાવનો ભય સતાવે છે. આ સાથે બીજી એક વાત કહી દઉં છું કે સિંહ લગ્નની કુંડળી હોય અને જો સૂર્ય પ્રથમ સ્થાને હોય તો જાતકને આંખના રોગો જેવા કે મોતિયો, કે રતાંધળાપણું આપે છે. અને સૂર્ય-શનિ પિતા-પુત્ર હોવા છતાં શત્રુગ્રહો છે, તો આ વાતનું પણ ધ્યાન રાખવું ઘટે છે.



# નિઃસ્વાર્થ કર્તવ્યની સુવાસ: જ્યારે જ્ઞાન અને સત્તા ભેગા થાય

## બ્રાહ્મણના સંસ્કાર અને રાજાના સમર્પણથી જન્મે સાચું લોકકલ્યાણ અને રાષ્ટ્રનો ઉત્કર્ષ

લેખક - સંકલન: પરેશ શાહ વડોદરા

આ ખૂબ જ સુંદર અને મનનીય વિચાર છે. ભારતીય સંસ્કૃતિમાં બ્રાહ્મણ (જ્ઞાનનો પ્રતીક) અને રાજા (સત્તાનો પ્રતીક) જ્યારે નિઃસ્વાર્થ ભાવે, કોઈના આમંત્રણની રાહ જોયા વગર સમાજ માટે કાર્ય કરે છે, ત્યારે જ રાષ્ટ્રનો સાચો ઉત્કર્ષ થાય છે.

આ વિચારને સ્પષ્ટ કરતી એક પ્રેરક વાર્તા નીચે મુજબ છે:

નિઃસ્વાર્થ કર્તવ્યની સુવાસ:

પ્રાચીન સમયની વાત છે, કૌશલ દેશમાં એક તેજસ્વી રાજા ચંદ્રસેન રાજ કરતા હતા અને તેમના રાજ્યમાં આચાર્ય વિશ્વાનંદ નામના એક વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા. એક વખત રાજ્યના સરહદી ગામડાઓમાં ભયંકર દુષ્કાળ પડ્યો અને સાથે એક અજાણ્યો રોગચાળો ફેલાયો. આ સમાચાર હજુ તો રાજધાની સુધી પૂરા પહોંચ્યા પણ નહોતા, ત્યાં જ આચાર્ય વિશ્વાનંદે પોતાની પોથીઓ બાજુ પર મૂકી અને જડીબુટ્ટીઓનો થેલો ભરીને એ ગામડાઓ તરફ પ્રયાણ કર્યું. તેમણે એવું ન વિચાર્યું કે "કોઈ મને તેડવા આવશે ત્યારે જઈશ." તેમના માટે પીડિતોની સેવા એ જ સૌથી મોટું 'પ્રભુ કાર્ય' હતું.



બીજી તરફ, રાજા ચંદ્રસેનને જ્યારે ગુપ્તચરો દ્વારા આ પરિસ્થિતિની જાણ થઈ, ત્યારે તેમણે મંત્રીઓની સભા બોલાવીને આદેશો છૂટા કરવાની રાહ ન જોઈ. તેમણે વિચાર્યું કે "પ્રજા દુઃખી હોય ત્યારે રાજા મહેલમાં ન શોભે." રાજાએ તરત જ પોતાના રથમાં અનાજ અને દવાઓ ભરાવી અને પોતે જ સારથિ બનીને દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં પહોંચી ગયા. રસ્તામાં જ રાજા અને આચાર્યનો મેળાપ થયો. રાજાએ આશ્ચર્યથી પૂછ્યું, "આચાર્ય, આપને તો કોઈએ સંદેશો પણ નહોતો મોકલ્યો, છતાં આપ આટલી ઉંમરે આ કઠિન માર્ગે નીકળી પડ્યા?"

ત્યારે આચાર્ય વિશ્વાનંદે હસીને સુંદર જવાબ આપ્યો, "રાજન્, બ્રાહ્મણ એ સમાજનું મગજ છે અને રાજા એ સમાજનો હાથ છે. જ્યારે શરીરમાં ક્યાંક પીડા થાય, ત્યારે મગજે વિચારવા માટે કે હાથે મલમ લગાવવા માટે કોઈના આમંત્રણની જરૂર નથી હોતી. એ તો આપણું સહજ કર્તવ્ય છે." રાજા ચંદ્રસેને આ સાંભળી આચાર્યના ચરણસ્પર્શ કર્યા. બંનેએ સાથે મળીને કોઈ પણ આડંબર વગર દિવસ-રાત સેવા કરી. બ્રાહ્મણે પોતાના જ્ઞાનથી લોકોના મનમાંથી ડર દૂર કર્યો અને રાજાએ પોતાની સત્તાથી વ્યવસ્થા અને સંસાધનો પૂરા પાડ્યા.

આ વાર્તા આપણને સમજાવે છે કે જે વ્યક્તિ પાસે 'જ્ઞાન' છે અને જેની પાસે 'સામર્થ્ય' છે, તેમણે કોઈની વિનંતીની રાહ જોયા વગર જનસેવાને જ પરમેશ્વર નીસેવા માનીને દોડવું જોઈએ. જ્યારે સત્તા અને સંસ્કાર ભેગા મળે છે, ત્યારે જ સમાજનું કલ્યાણ થાય છે.

YourMortgagePoint
Wide Range of Mortgage Options Available
• Residential • Commercial • Business Loan
Purchase
New To Canada
Self Employed
High Networth
Student Rental
Refinance
First Time Home Buyers
Business For Self
1st & 2nd Mortgage
Medical Professionals
Let's Talk! Your FREE consultation awaits

Dhavalkumar Patel
Mortgage Broker
Call Today - 647-893-1311
MORTGAGE ARCHITECTS
#12728
@yourmortgagepoint
dhavalkumar.patel@mtgarc.ca




લેખક જતીનભાઈ દેસાઈ વડોદરા ગુજરાત

ભુરીયા અહીં આવ તો દીકરા. બાજુ વાળા ચંપા ડોસીએ સુકેશ એટલે કે આપણા ભુરીયાને બુમ પાડી. દીકરા જરાં પગ દબાવી દે અને પછી નાકેથી દૂધ લઈ આવને, મારો ડાહ્યો દીકરો. ભુરીયો દોડતો ગયો. આપણને દોડતો લાગે પણ ભુરીયાની તો આ નોર્મલ સ્ટાઈલ.

કોઈ વાર નયના માસી, કોઈ વાર લતા કાકી, કોઈ વાર મનુ દાદા, કોઈ વાર મહેશ કાકા, ઓ ભુરીયા અહીં આવ, ભુરીયા આ લઈ આવ, ભુરીયા આને બોલાવી લાવ , ભુરીયા, ભુરીયા, ભુરીયા પોળમાં આ નામ સદા પોકારાતું રહેતું. અરે નવા વહુ એટલે કે ભુરીયાના સેજલ દીદી પણ ભુરીયાને કામ સોંપતા અચકાતા નહીં. અને પ્રિયાભાભી? એ તો એમના બે વરસના તોફાની રોની સાચું નામ રોનકને ભુરીયાને સોંપીને નજીકની પ્રિન્સ ટોકીઝમાં ફિલ્મ પણ જોઈ આવે. યુવાનો એમની માની લીધેલી પ્રેમિકાઓની હાલચાલ જાણવાનું કામ ભુરીયાને સોંપતા. કોઈક વિરલા ભુરીયાના હાથે પ્રેમપત્રોની આપલે પણ કરતાં. નાના ટાબરિયાંઓના તો ભુરીયાભાઈ પ્રિય. ક્રિકેટ રમતા ગમે ત્યાં ખોવાયેલો કે છાપરા પર અટકી ગયેલો બોલ ભુરીયાભાઈ લઈ આપે.

આમ આપણો ભુરીયો એટલે કે સુકેશ ગમે ત્યાં ‘ફિટ’ થઈ જાય, વાંદરી પાના ની જેમ જ સ્તો.

કોણ છે આ ભુરીયો?

કહું છું, પણ છે નહીં હતો.

ભુરીયાને જાણવા એના બચપણને જાણવું પડે. જો કે એ ગયો ત્યારે પણ એ બચપણ અને યુવાનીની વચ્ચે જ હતો. એની મા જ્યોતિનો તો એ આંખનો તારો હતો. જ્યોતિ જયારે નિમેષભાઈને પરણીને પોળમાં આવી તો જે હંમેશા થતી હોય છે અને પોળ જેવી લોકાલિટીમાં વધારે, એ કાનાફુસી થયેલી. પોળના લોકો, અમુક જ હં, કહેતા કાગડો દહીંથરુ લઈ આવ્યો. જો કે નિમેષભાઈની સરખામણી છેક જ કાગડા સાથે કરવી એ એમને અન્યાય કર્તા હતું. પણ જ્યોતિ દહીંથરું જરૂર હતી. જોતજોતામાં એના દેખાવે અને સ્વભાવે એ પોળમાં જાણીતી અને માનીતી થઈ ગઈ. જ્યોતિનો પરગજું સ્વભાવ (હવે કહેવાની જરૂર નથી કે આપણા ભુરીયામાં ક્યાંથી ઉતર્યો હતો. આ ગુણ, જ્યોતિની કોઠાસૂઝ, એની રાંધણકળા અને બહેનોની ઓટલા સભાઓને જીવંત બનાવવાની આવડત (કિટ્ટી પાર્ટી તો નદી ને પેલે પાર માટે ), પોળની સ્ત્રીઓને એમના કોઈ પણ પ્રકારના કામ માટે અરે અંગત સલાહ માટે પણ જ્યોતિ પાસે ખેંચી લાવતા. અને જ્યોતિ એની કોઠાસૂઝ થી એમના ઘણા પ્રશ્નો ઉકેલી આપતી.

ભુરીયાને જન્મથી જ સોનેરી વાળ હતા. એટલે જ તો એનું નામ સુકેશ રાખેલું. જ્યોતિને સુકેશને કોઈ બીજા નામે જેમ કે બીટ્ટુ, બબલુ, ડીકુ, મુન્નો વગેરે નામે બોલાવે તે જરાપણ ન હતું ગમતું. એક વાર જ્યોતિ ની નણંદે સૂકું સૂકું કરીને સુકેશને બોલાવેલો તો જ્યોતિ એ નમ્રતાથી એવું કરવાની ના પાડેલી. સુકેશના વાળ સોનેરી હતા અને વાન પણ ઉજળો. યુરોપિયનનો છોકરો જ લાગે. એટલે પોળના અમુક લોકોએ એને ભુરીયો કહેવાનું ચાલુ કરેલું, જ્યોતિ સાંભળી ના જાય એ રીતે.

જ્યોતિ અને નિમેષભાઈ નો સંસાર સુકેશ નામના ફૂલ વડે મહેકી ઉઠ્યો. આપણી ટ્રેડિશનલ ભાષામાં સુકેશ દિવસે ના વધે એટલો રાત્રે અને રાત્રે ના વધે એટલો દિવસે વધવા મંડ્યો. નિમેષભાઈ, જ્યોતિ અને સુકેશ સ્કૂટર પર ઘણું ફરતા. સુખી સંસારનુ આગવું ઉદાહરણ એટલે નિમેષ જ્યોતિ નો સંસાર. ક્યારેક નદી પાર ના ગાર્ડનમાં, કોઈ વાર નાના રેસ્ટોરન્ટમાં તો ક્યારેક ભેળ પકોડી વાળાની લારી પર એઓ દેખાય જતા.

કહેવાય છે ને કે સુખને કોઈક ની નજર લાગે અને લાગી, આગ લાગી નિમેષભાઈના સુખમાં. વરસાદના વાતાવરણમાં નિમેષભાઈનુ સ્કૂટર સ્લીપ થઈ ગયું. પડતાં પડતાં જ્યોતિ એ વચ્ચે બેઠેલા સુકેશને પોતાની ઉપર લીધો જેથી એને વાગે નહીં પણ એમ કરતા એનું માથું જોરથી ડિવાઈડર સાથે અથડાયું. બે દિવસ કોમા માં રહી જ્યોતિ આ દુનિયા, એની દુનિયા એટલે કે નિમેષ, સુકેશને છોડી ગઈ. અને નિમેષ સુકેશની દુનિયા વેરાન કરતી ગઈ.

હરપળ એની મા ને શોધતી સુકેશની નીલી આંખો પોળના લોકો ની આંખો ભીની કરી દેતી.

સમય ગમે એવા ઘાને રૂઝાવી દે. પણ આ બાપ દીકરાના ઘા કેમે કરી રૂઝાતા ન હતા. નિમેષભાઈ નોકરીએ જાય ત્યારે પોળના આડોસપાડોસના સ્વજનો સુકેશને સાચવી લેતા. આ રીતે સચવાતા સચવાતા સુકેશ ક્યારે પોળનો ભુરીયો થઈ ગયો ખબર જ ન પડી. પોળના લોકો ભુરીયા ને બહુ વ્હાલ કરતા. એને ઓછું આવવા ન હતા દેતા. એને ઘરનો છોકરો ગણી ને નાના કામ પણ સોંપતા થઈ ગયા.

નિમેષભાઈને સગાવ્હાલા અને પોળના વડીલો, મિત્રો બીજા લગ્ન માટે સમજાવતા પણ નિમેષભાઈ સુકેશ ને માથે અપરમા નો ભાર મુકવા ન હતા માંગતા. સમય જો કે સમય નુ કામ કરે જ. નિમેષભાઈની યુવાની એનો હિસાબ માંગતી. સુકેશને પણ કેટલો વખત પાડોશીઓને ભરોસે રાખવો? આ અને સ્વજનોની સતત સમજાવટ થકી આખરે નિમેષભાઈ પીગળ્યા. અને કામિની આવી, નિમેષભાઈના સંસારમાં અને પોળમાં.

કામિની, દેખાવે જ્યોતિ જેવી પણ સ્વભાવે અતડી. જ્યોતિ સાથે થતી સરખામણીને લીધે પોળના લોકો કામિની ને સહજ રીતે અપનાવી ના શક્યા. કામિની એમને હંમેશા બહારની લાગી. કામિની પણ પોળ કલ્ચરનો ખ્યાલ ન હોવાને લીધે પોળના લોકો સાથે જરૂરી અનુસંધાન સાધી ન શકી. પોળના લોકો ના સ્વાભાવિક પ્રશ્નો એને ચાંપલુસી લાગતા.

સુકેશ સાથેનો કામિનીનો વ્યવહાર અપરમા જેવો ન હતો અને આથી નિમેષભાઈને ઘણી નિરાંત રહેતી. છતાં સાત આઠ વરસના બાળકને જે વ્હાલ જોઈએ એ તો કામિની ન જ આપી શકી. વળી સુકેશ એટલે કે પોળનો ભુરીયો સૌનો લાડકો અને કામિનીને પોળના લોકોની એલર્જી. આથી થયું એવું કે સુકેશ ઘર કરતાં પોળમાં વધારે રહેવા મંડ્યો. પોળના લોકોના કામ કરવામાં એને મઝા આવવા લાગી. ઘણી વાર એ આડોસ પાડોસમાં જ ખાઈ લેતો, જે કામિની ને નહતું ગમતું. આમ ભલે કામિનીનું સુકેશ પ્રત્યેનુ વર્તન સાવ સાવકી મા જેવું ન હતું પણ એ બંને વચ્ચે એક દુરી બની ગઈ, જેનો ખ્યાલ નિમેષભાઈને ન આવ્યો. આ ખાઈ ત્યારે ગહેરી બની જયારે સુકેશના ભાઈનો જન્મ થયો.

સુકેશનો ભાઈ, સાવકો ભાઈ અનિમેષ, અનિ તરફ જ હવે કામિનીનું પૂરું ધ્યાન રહેતું. હવે સમજણો થયેલો સુકેશ પોતાને તરછોડાયેલો અનુભવવા મંડ્યો.

સુકેશ, આપણાં ભુરીયાને પોળમાં કોઈના પણ ઘરમાં વિના રોકટોક જવાની આઝાદી. કોઈનું કંઈ પણ કામ કરે, વાંદરી પાનાની જેમ.

ઘરડાંઓને ન્યુઝ પેપર વાંચી સંભળાવે જેથી ભુરીયાભાઈ શહેરની, રાજ્યની, દેશ અને દુનિયાની ખબરોથી વાકેફ રહેતા. કોઈ પણ વિષયની પોળમાં કે ચાની ટપરી પર થતી ચર્ચામાં ભુરીયો ભાગ લઈ શકતો.

નાના મોટા, સ્ત્રી પુરુષ, છોકરાં યુવાનો અને વૃદ્ધો સૌની સાથે ભુરીયો ભળી જતો. કોઈ પણ પ્રકારનું કામ, સમારકામ ભુરીયો સિફતપૂર્વક કરી શકતો. કોઈ પણ વિષય પર ચર્ચા કરી શકતો. આમ ભુરીયો વાંદરી પાનાની જેમ ગમે ત્યાં ‘ફિટ’ થઈ જતો.

હું વર્ષો થી ભુરીયાનું નિરીક્ષણ કરતો રહેલો.

મેં ભાગ્યે જ ભુરીયાને કામ સોંપ્યું હશે. પણ મને એની સાથે વાતો કરવાનું ગમતું. હું અમસ્તો ય એને ક્રિકેટનૉ સ્કોર પૂછી લેતો. ક્યારે મેચ છે એ ખબર હોવા છતાં ભુરીયાને પૂછતો. ભુરીયો મને ભાઈ કહેતો અને ઉત્સાહથી જવાબ આપતો.

એક વખત તોફાની રોની ગટરના ખુલ્લા ઢાંકણામાંથી ગટરમાં પડી ગયો. પોળના લોકો ભેગા થઈ ગયા. નાના ઢાંકણા માંથી અંદર જઈ રોનીને ઉંચકીને બહાર કાઢવો પડે એમ હતું. આટલી જગ્યામાં તો નાનો છોકરો જ ઉતરી શકે પણ એ રોનીને ઉંચકી ને બહાર ના આપી શકે. લોકોને ભુરીયો યાદ આવ્યો અને ભુરીયાભાઈએ વાંદરી પાનાની જેમ શરીર સંકોર્યું અને ગટરમાં ઉતરી ગયા. આમ કરતાં ભુરીયાનું શરીર છોલાયું પણ એની પરવા કરે એ બીજા.

દુનિયા હચમચી ગઈ મહામારીના કહેરથી. લોકો ઘરોમાં કેદ થઈ ગયા. આવા સમયે વાંદરી પાનાનું કામ તો ચાલુ જ હતું. પોળના રહીશો માટે ભુરીયો આધારસ્તંભ સાબિત થયો. ભુરીયો પોળના મોટાભાગના ઘરો માં શાકભાજી, કરિયાણું લાવી આપતો. પોળના પચાસેક ટકા ઘરોમાં મહામારી પ્રવેશી ગઈ .

મેં એક વાર ભુરીયાને કહયું કે ઘરમાં રહેતો હોય તો? તું પણ આવી જશે આ મહામારીની અડફટમાં.

ભાઈ, હું જાણું છું અને સમજું છું પણ આ મારાં લોકો છે, મારે ભરોસે છે. જાણે કૃષ્ણ કનૈયો બોલતો હોય એવી અદામાં ભુરીયા એ જવાબ આપેલો. જો કે સાચી વાત એ હતી કે ઘરમાં રહેવાનું આ વાંદરી પાનાને ગોઠવું જોઈએ ને?

મહામારીનો વાઈરસ ગમે તેટલી સાવચેતી રાખનારાંને પણ અડી જતો હતો અને પછી નડી જતો હતો તો એ શું ભુરીયાને છોડવાનો હતો? ભુરીયાને નજીવી અસર જ હતી પણ કામિની નિમેષભાઈ ને દબાણ કરતી હતી, ભુરીયા ને હોસ્પિટલમાં દાખલ કરવાની, જેથી અનિમેષને ઈન્ફેકશન ન લાગે. હોસ્પિટલોમાં જગા ન હતી અને એથી નિમેષભાઈની હાલત કફોડી હતી. મેં નિમેષભાઈને શૂન્યમન્સ્ક હાલતમાં ઓટલે બેઠેલા જોયા અને એમને ભુરીયાની ખબર પૂછી. એમનાથી રડી પડાયું. પરિસ્થિતિ જાણ્યા પછી મેં એમને સાંત્વના આપી અને મારાં એક ડોક્ટર મિત્રને ફોન કરી એને ભુરીયાને એડમિટ કરવા ભારપૂર્વક કહયું. એણે કહયું લઈ તો આવો, જોઈએ, અને એમ્બ્યુલન્સ મોકલી. હું અને નિમેષભાઈ સ્કૂટર પર અને ભુરીયો એમ્બ્યુલન્સ માં હોસ્પિટલ પહોંચ્યા. મારાં ડોક્ટર મિત્રે દાદરની નીચે જે જગ્યા હોય ત્યાં પથારી આપવાનું કહયું. જેમાં માણસ પૂરો સમાય ન શકે, સુઈ ન શકે. નિમેષભાઈનું કાળજુ કકળ્યું પણ કોઈ બીજો માર્ગ ન હતો. ભુરીયો કહે પપ્પા જરાયે ચિંતા ન કરો, આ તો બહું સારી જગ્યા છે. હું તો આમાં 'ફિટ' થઈ જઈશ. વાંદરી પાના એ એની લાક્ષણિકતા છતી કરી.

એક દિવસ પછી મારાં ડોક્ટર મિત્રનો ફોન આવ્યો. અરે આ ભુરીયો તો યાર ગજબ છે. જે કામ વોર્ડ બોયઝ કે નર્સો ના કરે એ ભુરીયો કરે. મેં ના પાડી તો કહે ડોક્ટર આ ભુરીયો છે, હજુ તો મારે બહું કામ કરવાનાં છે એમ કંઈ મને કશું થવાનું નથી. માનતો જ નથી. મેં એને કહેલું કે એ તો નહીં જ માને એને રોકવાનો અર્થ નથી પણ યાર એને એપ્રન, માસ્ક વગેરે વાપરવાનું કહેજે અને અંગત ધ્યાન રાખજે.

જેનો ડર હતો એ ઘડી આવી જ પહોંચી. મારાં મિત્રે મને મારી લાઈફના સૌથી દુઃખદ સમાચાર આપ્યા. મહામારીના વખતથી ઘરની બહાર નીકળવાનું ટાળતા પોળવાસીઓ એ સમાચાર જાણતા ભેગા થઈ ગયા. સૌની આંખમાં આસું અને



મોં પર સ્વજન ગુમાવ્યાનું દર્દ. ઘણાં પોળવાસી જોખમ લઈને પણ હોસ્પિટલ આવવા તૈયાર થયાં. નિમેષભાઈથી તો બોલી પણ ન હતું શકાતું. કામિની અને અનિ પણ બહું જ રડતાં હતાં. ગમે એ હોય, એ ભુરીયો હતો.

નિયમો અનુસાર અંતિમક્રિયા હોસ્પિટલ વાળા જ પતાવી દેતા. મેં મારાં મિત્રને વિનંતી કરી ભુરીયાના અંતિમ દર્શન કરવા દેવાની. એણે કહયું કે બે ચાર જણા સ્મશાન પહોચો, હું શબવાહીની વાળાને કહું છું તમને દૂર થી બતાવશે. પણ અંતિમ દર્શન કરી ને શું કરશો. પાર્થિવ શરીર તો પ્લાસ્ટિકમાં વિટાડાયેલું હશે. છતાં મેં જીદ કરી. હું નિમેષભાઈ અને બીજા બે પોળવાસી સ્કૂટર પર ગયા. ભુરીયા જેવા ચેતનવંતાના પ્લાસ્ટિકમાં વિટાડાયેલા અચેતન દેહના દૂરથી દર્શન કર્યા.

અમે ત્યાં થોડી વાર ઉભા રહ્યા. સ્મશાનમાં કોઈ ચિતા ખાલી ન હતી. અરે પાર્થિવ શરીરોની લાઈનો લાગી હતી. અંતિમક્રિયા કરવા વાળા ભુરીયાના પાર્થિવ શરીર તરફ ઈશારો કરતાં કંઈ વાત કરતાં એક નાની પાળી જેવી જગ્યા બતાવતા હતાં. ડેડબોડી લાવનારાઓ એ હકારમાં માથું હલાવ્યું અને ભુરીયાનું પાર્થિવ શરીર એ નાનકડી જગ્યામાં નાનકડી ચિતા પર 'ફિટ ' થઈ ગયું.

ફરી વાર વાંદરી પાનાએ એની આગવી લાક્ષણિકતા છતી કરી.

ભુરીયા દોસ્ત.........
ન દર્દ ઠહરતા હે,
ન આંસુ રુકતે હે,
હાય દિલ મેં રહ ગઈ બાત,
જલ્દી સે છૂડાકે હાથ
કહા તુમ ચલે ગયે

ખેતી - NAની જમીન
Savli, Waghodia, Panchmahal, Anand, Nadiad, Ahmedabad
ખરીદ-વેચાણ તથા ભાડે લેવા માટે મળો
AGRICULTURE & NA LAND
BUY - SELL - RENT
99257 68291

# ભક્તિ અને પ્રેમનો અનોખો સંગમ : મેંફિલ્ડ વિલેજ ગ્રુપની શિવરાત્રી અને વેલેન્ટાઈન ડે ની યાદગાર સંયુક્ત ઉજવણી






**આવા કાર્યક્રમો સમાજજીવનમાં માત્ર ઉત્સવ નહીં, પરંતુ લાગણી, પરંપરા અને એકતાનો સેતુ બની રહે છે. - ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર તંત્રીઃ શ્રી સુજ્ઞેશ પટેલ**









14મી ફેબ્રુઆરીના રોજ Loafer's Lake Recreation Centre ખાતે મેંફિલ્ડ વિલેજ ગ્રુપ દ્વારા વેલેન્ટાઈન ડે અને મહાશિવરાત્રીની સંયુક્ત ઉજવણીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રેમ અને ભક્તિ – બંને ભાવનાઓનો અદભૂત સંગમ સર્જાયો હતો, જે ઉપસ્થિત સૌ સભ્યો માટે યાદગાર બની રહ્યો.

ગ્રુપના પ્રમુખ શ્રી રણજીતભાઈ પટેલ તથા પ્રવક્તા શ્રી નરેન્દ્રભાઈ પટેલના સુચારુ માર્ગદર્શન હેઠળ આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. ઉપપ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ, ખજાનચી શ્રી પ્રવીણભાઈ મહેતા અને મંત્રી શ્રી ગીરીશભાઈ મહેતા સહિત ગ્રુપના આદરણીય સભ્યોએ ખભેખભા મિલાવી કાર્યક્રમને સફળ બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન મહેમાન તરીકે પધારેલા ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર ના માલિક શ્રી સુજ્ઞેશ પટેલ દ્વારા ગ્રુપના આદરણીય સભ્ય શ્રી ઈશ્વરભાઈ પટેલ સાથે મીઠાં ગીતોની રજૂઆત કરી સમગ્ર માહોલને સંગીતમય બનાવી દીધો હતો. લગભગ 85 જેટલા સભ્યોની ઉપસ્થિતિએ કાર્યક્રમને ઉર્જાસભર બનાવ્યો હતો.

વિવિધ રમતો અને મનોરંજક પ્રવૃત્તિઓ સાથે "ગુજરાતી હોય એટલે ગરબા તો હોય જ" – એ વાતને સાબિત કરતાં સૌએ સાથે મળીને ગરબાની રમઝટ બોલાવી આનંદનો માહોલ સર્જ્યો હતો.

અંતમાં તમામ સભ્યોએ સાથે ડિનર લઈ પ્રેમાળ સહભાગિતાનો આનંદ માણ્યો હતો. ડિનર દરમિયાન ગ્રુપની મહિલા સભ્યોએ આપેલી નિષ્ઠાપૂર્વકની સેવાઓએ આયોજનને ચાર ચાંદ લગાવ્યા હતા. તેમજ આદરણીય શ્રી દલવાડીભાઈ દ્વારા માઈક સિસ્ટમની સુંદર વ્યવસ્થા જાળવવામાં આવી હતી, જે કાર્યક્રમની સુવ્યવસ્થિતતા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ.

આવો પ્રેમ, સહકાર અને ભક્તિનો સંગમ સમૂહ જીવનમાં એકતા અને આત્મિયતાનું જીવંત ઉદાહરણ બની રહે – તેવી શુભકામનાઓ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.